# બુદ્ધિપ્રભા.

( The Light of Reaso )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभय भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૪ થું. તા. ૧૫ મી ફેબ્રુવારી સન ૧૯૧૨ અંક ૧૧ મો.

## अनुभव.

રાગ ગોડી.

અનુભવ દિલમાં આવ્યો રે, પ્રગટ્યો આનન્દરસ પૂર. અનુભવ.
ત્રિવેણીના ઘાટમાંરે, ન્હાયી કર્યો મલદૂર;
પ્રભુજી ભેટ્યા પાસમાંરે, ચઢતે ભાવ સનૂર— અનુભવ. ૧

નામરૂપ ભ્રમણા ટળીરે, ભાસ્યો સ્વયંપ્રકાશ;
નામ નહીં અનામીનુંરે, કરતો સહજ વિલાસ— અનુભવ. ૨

લોક વાસના ના રહીરે, ન્યારો લોક સદાય;
હું તું પરમાં નહિ જરારે, આપોઆપ સુહાય— અનુભવ. ૩

જે જેનું તે તેહનુંરે, અહંભાવ શું હોય;
અન્તરમાં આલોચતાંરે, રાગાદિક નહિ જોય— અનુભવ. ૪

વચને સઘળું જગ ભરૂંરે, તોપણ પૂર્ણ ન થાય;
બુદ્ધિસાગર આત્મનીરે, અકળ કળા કોઇ પાય— અનુભવ. ૫

વીર. સં. ૨૪૩૯ મૃગશીર્ષ સુદિ ૬.

# अध्यात्मज्ञाननी आवश्यकता.

આ જગત્માં અધ્યાત્મજ્ઞાનની પરિણુતિવિના શાન્તિનો માર્ગ શોધવામાં આવે તો કદિ ખરી શાન્તિનો માર્ગ પ્રાપ્ત થઈ શકે નહિ. પોતાના આત્માને ઓળખો. પોતાના આત્મા તરફ લક્ષ રાખો. પોતાનો આત્મા શું કહે છે તે સાંભળો. પોતાનો આત્મા કેવો છે તેના સંબંધી ખૂબ ઉંડા ઉતરીને વિચારો કરો. ગુરૂગમ લેઇને પોતાના આત્માની ખરીશાન્તિનો રસ સ્વાદો. પશ્ચાત્ તમે અધ્યાત્મજ્ઞાનને વારંવાર સ્તવશો. મોહના જોરથી અને અજ્ઞાનથી જે જાણોછો તેમાં ભૂલ કરો છો અને અંધકારમાં પ્રવેશ કરો છો પણ મોહની પ્રકૃતિયોને હઠાવી જરા અધ્યાત્મના પ્રકાશમાં આવો અને પશ્ચાત્ તેનાથી સત્યનો આપોઆપ નિર્ણય કરી શકશો. મનુષ્યો સુખનું સ્વરૂપ સમજ્યા વિના પ્રવૃત્તિમાર્ગના ખાં બનીને અંજીનની પેઠે રાત્રી દિવસ મન વાણી કાયાને સંતપ્ત કરીને દુઃખ ઉભું કરે છે. જેને સુખ થાય છે જેમાં સુખ પ્રકટે છે, જેવડે સુખ પ્રકટે છે, તેનો પરિપૂર્ણ વિચાર કરવો નથી અને ગાડરીયા પ્રવાહની પેઠે બાહ્ય પદાર્થોની પ્રાપ્તિની ધમાલમાં ગદ્ધાવૈતરૂં કરી કરીને સુખ પ્રાપ્ત કરવું છે અને સુખતો થતું નથી તો પણ તેમાંને તેમાં સુખમાટે દોડવું છે એમ કરવાથી ખરી શાન્તિ ખરો આનંદ ક્યાંથી મળી શકે ? ચારે ખંડના મનુષ્યો તરફ દૃષ્ટિ ફેરવો. પૈસાદાર અને ગરીબ ઉપર દૃષ્ટિ ફેરવો. સદાકાળ કોણ હૃદયથી સુખી છે તેનો વિચાર કરો. **જેવું પિંડે તેવું બ્રહ્માંડે** જેવું તમને બાહ્યથી ક્ષણિક સુખ થાય છે તેવું આખી દુનિયાના જીવોને બાહ્ય પદાર્થોથી ક્ષણિક સુખ થાય છે એમ નક્કી માનશો. તમને સહજસુખમાં વિઘ્ન કરનાર મોહ અને અજ્ઞાન છે. મોહ અને અજ્ઞાન જ્યાં સુધી છે ત્યાં સુધી નિત્ય સુખ પ્રાપ્તિમાં તે વિઘ્ન કર્યાવિના રહેશે નહિ એમ ખાત્રીથી માનીને અજ્ઞાન મોહવગેરે દોષોથી બચાવનાર એવા અધ્યાત્મજ્ઞાનના સંગી થશો. અધ્યાત્મજ્ઞાનની પરિણતિનું બળ પ્રતિદિન વધતું જાય છે અને તે નિત્ય સુખની ખાત્રી કરાવી આપીને આત્માને પોતાના ધર્મની દૃઢ પ્રતીતિ કરાવીને પોતાની ફર્જ અદા કરે છે તેથી આત્મા પોતાનું પરમાત્મત્વ પ્રકટ કરી શકે છે. અધ્યાત્મજ્ઞાન અને યોગજ્ઞાનથી પરમાત્માની દશા પ્રાપ્ત થાય છે.

અધ્યાત્મજ્ઞાનથી યોગજ્ઞાન માર્ગ પ્રાપ્ત થાય છે. યોગમાર્ગમાં દૃઢ સ્થિર રહેવાને માટે અધ્યાત્મજ્ઞાન જોઇએ. અધ્યાત્મજ્ઞાન વિનાના હઠયોગીઓ મોહના માર્ગમાં ચઢીજાય છે, અને તેઓના હૃદયમાંથી વાસનાનાં સૂક્ષ્મ બીજકો નષ્ટ થતાં નથી. અધ્યાત્મજ્ઞાનવિનાના યમ, નિયમ, તપ, જપ વગેરે હઠયોગથી આત્મબળ વધશે પણ તેનો દુરૂપયોગ થઇ જશે. તામલી તાપસનો મુખ્ય હઠયોગ હતો. શાપ આપનારા યોગીઓનાં ચરિત્ર વાંચીએ છીએ તો પ્રાયઃતેઓ હઠયોગીઓ દેખાય છે. કામણ ટુમણ મારણ મોહન ઉચ્ચાટન—અને સ્તંભન વગેરે મંત્ર પ્રયોગો કરનારાઓનો મોટોભાગ પ્રાયઃ અધ્યાત્મજ્ઞાન વિનાનો હોય છે. અધ્યાત્મજ્ઞાન એ મોક્ષનો રાજ માર્ગ છે અને અધ્યાત્મજ્ઞાન વિનાનો એકલો હઠયોગ છે; તે તો ઓાંધાં પાસેના પર્વતના દંડી માર્ગસમાન હોય છે. જો તેપરચડતાં પગ ખસી જાય છે તો ઓાંધામાં પડાય છે.

ખરો જે યોગમાર્ગ છે તેનો ભેદ ખરેખર અધ્યાત્મજ્ઞાનથી ખુલ્લો થાય છે. અધ્યાત્મજ્ઞાન પશ્ચાત્ યોગમાર્ગનું અવલંબન કરવાની જરૂર છે. યોગ માર્ગ છે તે ખરેખર ચારિત્ર

માર્ગ છે. જૈન શાસ્ત્રોમાં યોગમાર્ગના અસંખ્ય ભેદો બતાવ્યા છે. શ્રાવક અને સાધુના આચારો એ યોગમાર્ગ છે. સાધુ ધર્મની ક્રિયાઓ એ યોગના માર્ગ છે અને શ્રાવક ધર્મની ક્રિયાઓ એ યોગના માર્ગ છે. મન વાણી અને કાયાનું બળ ખીલવીને તેવડે મોક્ષની આરાધના કરવી તે યોગનો મૂળ ભાવ છે. મોક્ષની પ્રાપ્તિ માટે યોગબળની આવશ્યકતા સ્વીકારવામાં આવી છે. વજ્રઋષભનારાચસંઘયણવિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી તેમાં પણ ખાસ યોગનો મહિમા અવબોધાય છે. હઠયોગ મંત્રયોગ ભક્તિયોગ અને લયયોગ વગેરે યોગના ઘણા ભેદો છે તેનું વિશેષ વર્ણન **अस्मदीययोगदीपक** નામના ગ્રન્થમાંથી વાંચવું. હઠયોગ સંબંધી શ્રીમદ્ હેમચંદ્ર સૂરિ, શ્રી જિનદત્ત સૂરિ, વગેરે આચાર્યો ઘણું સારું વિવેચન કરે છે. જૈનોમાં હઠયોગની પ્રક્રિયા પૂર્વથી ચાલી આવે છે. ઉપધાનની ક્રિયાઓ અને યોગોદ્વહનની ક્રિયાઓમાં તેમજ પ્રતિષ્ઠા વગેરેની ક્રિયાઓમાં હઠયોગની ઘણી ક્રિયાઓ જુદા જુદા રૂપે દેખાવ આપે છે. હઠયોગની ક્રિયાઓને પૂર્વના આચાર્યો સાધતા હતા. સં. ૧૭૩૭ ની સાલમાં વિદ્યમાન એવા અને મહાસમર્થ વિદ્વાન્ હૈમલઘુપ્રક્રિયા, કલ્પસૂત્ર સુબોધિકાટીકા અને લોકપ્રકાશ વગેરે અનેક ગ્રન્થના કર્તાશ્રીવિનયવિજયજી ઉપાધ્યાય પણ હઠયોગના સંબંધી ઊંડું જ્ઞાન ધરાવે છે અને તેઓ નીચે પ્રમાણે હઠયોગ સંબંધી પદનું ગાન કરે છે.

---

## पद पचीशमुं.

### राग. आशावरी.

साधुभाइसोहेजैनकारागी, जाकीसुरतमूलधुनकागी॥साधु. ॥ टेक ॥
सोसाधुअष्टकरगसुंजगडे, शून्वांधेधर्मशाला.
सोऽहंशब्दकाधागासांधे, जपेअजपामाला. साधुभाइ० ॥ १ ॥
गंगायमुनामध्यसरसति, अधरवहेजलधारा
करीयस्नानमगनहुइवेठे–तोडयाकर्मदलभारा साधु० ॥ २ ॥
आपअभ्यंतरज्योतिविराजे, वंकनालग्रहेमूला
पश्चिमदिसाकीखडकीखोलो, तोवाजेअनहदतुरा साधु० ॥ ३ ॥
पंचभूतकाभरममिटाया छठामांहिसमाया
विनयप्रभुसुंज्योतिमिलिजब, फिरसंसारनआया साधु० ॥ ४ ॥

## पद १.

### राग भैरव.

योगानंदआदरकरसंतो अरुणद्युतिलयलावोरे यो०
अन्तरपद्चक्रसोधनकरके वंकनालकरभावो यो० ॥ १ ॥

चंद्रसूरजअक्षरगजुगतजकर सुषमनपरवाहजानो
कुंभकरेचकपूरकभावे मत्याहारप्रमाणो यो० ॥ २ ॥
धारणाध्यानसमाधिसप्तम श्वासरोधकरतानो
अनुपमअनहदधुनीअनुयोगे सोऽहंसोऽहंगानो यो० ॥ ३ ॥
सोऽहंसोऽहंरटनारटतां, नवनिधिसंयमभायो
ज्ञानानंदपरमातमरोचि, देखत हरख लहायो यो० ॥ ४ ॥

## पद चोथुं राग भैरवी.

गगनमंडलगतपरमअरुणचिभायोरे ॥ गगन. टेक ॥
चंदकहुंतोचंदननिरखुं, तरणिपणनजणायोरे गगन०
तेलसिखाविनदीपननिरखुं, जगमगरुचिसुखदायोरे गगन० ॥ १ ॥
घनसमीरपरमुखउपाधि, रहितरुचिरदरसायोरे गगन०
सबजगव्यापीपांचाहिजाते, पणनाहिभावरमायोरे गगन० ॥ २ ॥
पंडितयोगीसघलेथाके, निजहठपखलपटायोरे गगन०
आपहिनिरखेआपहिजाने, सहजसमाधिजगायोरे गगन० ॥ ३ ॥
तबघरघरकीभरमनामेटी, सहजरुपपरखायोरे गगन०
विधिसंयमज्ञानानन्दयोगी ज्योतिनिरखहरखायोरे गगन० ॥ ४ ॥

શ્રીમદ્‌વિનયવિજયજીના પચ્ચીશમા પદથી અને જ્ઞાનાનન્દના પહેલા અને ચોથાપદથી જૈનશાસ્ત્રોમાં યોગની પ્રક્રિયાઓ કેટલી બધી સરસ છે કે તે વાચક વર્ગ અવબોધી શકશે. શ્રી વિનય વિજયોપાધ્યાય તો એટલા સુધી કથે છે કે હે સાધુઓ ! તેજ જૈનધર્મનો રાગી છે કે જેની સુરતા ખરેખર મૂલદ્વારમાં લાગી છે. આધારચક્રને મૂલદ્વાર કથવામાં આવે છે. મૂલદ્વારમાં સુરતા લાગવાથી ચિત્તની મલીનતા ટળે છે. તેવો સાધુ યોગની દશાવડે આત્માની પરમાત્મતા પ્રકટ કરવા માટે અષ્ટકર્મ અને તેની એકશો અઠ્ઠાવન પ્રકૃતિયોની સાથે યુદ્ધ કરે છે. અને શૂન્ય ધર્મશાલા બાંધે છે. શૂન્ય ધર્મશાલાનો ભાવ એવો નીકળે છે કે જે દશામાં રાગ દ્વેષના વિકલ્પ સંકલ્પનો અભાવ હોય. રાગ દ્વેષના વિકલ્પ સંકલ્પથી શૂન્ય એવા ચિત્તને શૂન્ય ધર્મશાળાની ઉપમા યોગની શૈલીએ આપવામાં આવે છે. નિર્વિકલ્પ દશા એજ શૂન્ય ધર્મશાલા અવબોધવી. શૂન્ય ધર્મશાળા બાંધવાનો ઉપદેશ કરીને એમ જણાવવામાં આવ્યું છે કે યોગી રાગદ્વેષથી શૂન્યચિત્તવડે યોગના માર્ગમાં આગળ વધી શકે છે અને તે સંસારના મોહક પદાર્થોથી લેપાતો વા બંધાતો નથી. મનમાંથી રાગદ્વેષ દૂર હઠાવીને ખરો સાધુ યોગી સોઽહં શબ્દના ધાગા સાંધે છે. યોગીની એવી ધાગા સાંધવાની રીતિ હોય છે. સઃ એટલે અસંખ્યાત પ્રદેશમાં સત્તાએ રહેલું પરમાત્મપણું તેજ હું છું તે વિના બાકીના સાંસારિક પર્યાયો રૂપ હું કદી અસ્તિભાવે નથી. સ એટલે પરમાત્મા તેજ અહં એટલે હું છું. હું પોતે પરમાત્મા છું. મારામાં સત્તાએ પરમાત્મપણું રહ્યું

છે અને વ્યક્ત થઇ શકે તેમ છે માટે **સોऽहं** (પરમાત્મા) છું. **સોऽहं** એટલે હું તે સત્તાએ રહેલા પરમાત્મભાવથી અભિન્ન છું એમ કહેવાથી બાકીનું શરીર-ધન-વગેરે સર્વે હું નથી એવો અર્થ ખુલ્લો પ્રતીત થાય છે. સોऽહં શબ્દનો આ પ્રમાણે અર્થ અવબોધીને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આત્માનું ધ્યાન ધરવું. દ્રવ્યથી આત્મા અસંખ્ય પ્રદેશરૂપ નિત્ય છે અને જ્ઞાનાદિ પર્યાયની અપેક્ષાએ આત્મા અનિત્ય છે. દ્રવ્યની અપેક્ષાએ નિત્ય અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય એવો **સः** એટલે તે આત્મા તેજ **अहं** એટલે હું છું તે વિના અન્ય તે હું નથી. દ્રવ્યની અપેક્ષાએ ધ્રુવરૂપ અને પર્યાયનયની અપેક્ષાએ ઉત્પાદ અને વ્યયરૂપ એવો આત્મારૂપ હું છું. એ સોહં શબ્દનો અર્થ છે. **સ્વદ્રવ્ય ક્ષેત્ર** કાલ અને ભાવની અપેક્ષાએ સત્ અને પરદ્રવ્ય પરક્ષેત્ર પરકાલ અને પરભાવની અપેક્ષાએ અસત્ એવો આત્મા તેજ હું છું એવો સોહં શબ્દનો અર્થ છે. દ્રવ્યની અપેક્ષાએ વ્યાપ્ય અને જ્ઞાનાદિપર્યાવની અપેક્ષાએ વ્યાપક એટલે વિભુએવો આત્મારૂપ હું પરમાત્મા છું એવો સોહં શબ્દનો અર્થ છે. દ્રવ્યની અપેક્ષાએ ગુણ અને ગુણથી અભિન્ન અને પર્યાયાર્થિક-નયની અપેક્ષાએ કથંચિત્ ભિન્ન એવો જ્ઞાન-દર્શન-ચારિત્ર-વીર્યમય હું આત્મા છું એવો સોહં શબ્દનો અર્થ છે. કેવલજ્ઞાન અને કેવલદર્શન તથા ક્ષાયિક ચારિત્ર આદિ જેના ગુણો છે એવો પરમાત્મા તે હું છું એવો સોહં શબ્દનો અર્થ છે. એ ઉપર્યુક્ત સોહં શબ્દ વાચ્ય મારો આત્મા તેજ હું છું. તે વિના બાકીના જડ ધર્મોમાં મારાપણું નથી એવો દૃઢ નિશ્ચય કરીને સાધુ યોગી સોહં શબ્દનો ધાગો સાંધે છે અને તેનો અજપાજાપ જપે છે. જે જાપ વાણીથી જપવો ન પડે અને સ્વાભાવિક રીત્યા શ્વાસોચ્છવાસથી સોऽહં તરીકે ઉઠે છે, તેને જપ્યા વિનાનો જાપ થાય છે માટે તેને અજપાજાપ તરીકે કથે છે. અજપાજાપની વિધિ ગુરૂગમથી ધારવી જોઇએ. ફોનોગ્રાફની પેઠે સુરતાને ત્યાં ઠરાવ્યા વિના અજપાજાપ થાય છે તે કંઇ આત્માની સ્થિરતા માટે થતો નથી. અજપાજાપની સાથે સુરતાનો સંબંધ રાખવામાં આવે છે તો ત્રણ ચાર માસમાં યોગી મનની દશાને ફેરવી નાખે છે અને દિવ્ય પ્રદેશમાં પોતાના મનને લેઇ જાય છે, તથા ઘણા વિકલ્પ સંકલ્પોને રોધવા સમર્થ થાય છે. અજપાજાપથી સાધુયોગી શાન્તિ પ્રાપ્ત કરે છે અને મનને પોતાના તાબામાં રાખવા સમર્થ થાય છે તથા સંકલ્પની સિદ્ધિ સન્મુખ ગમન કરે છે. સાધુ યોગી અજપાજાપની આ પ્રમાણે જપમાલા ગણે અને અન્ય શું કરે તે દર્શાવે છે. ડાબીનાસિકાને ગંગા કથે છે. અને જમણીનાસિકાને યમુના કથે છે. ઇડા અને પિંગલા એ બે નાસિકાઓ સાથે વહે છે તેને સુષુમ્ણા કહે છે અને યોગની પરિભાષાએ તે સરસ્વતિ કથાય છે. ઇડા પિંગલા અને સુષુમ્ણાની ઉપર જલધારા વહે છે. કોઇ તેને અમૃતધારા કથે છે. ખેચરી મુદ્રા કરનારતે અમૃતબિન્દુઓને ગ્રહણ કરે છે. ડાબી અને જમણી નાસિકાનો વાયુ તથા સુષુમ્ણાનો રોધ થતાં સાધુયોગી બ્રહ્મરન્ધ્રમાં પ્રવેશ કરે છે. અર્થાત્ તે પરમાત્મજ્ઞાનમાં પ્રવેશ કરે છે અને ત્યાં સમતારૂપ અમૃતધારામાં સ્નાન કરીને મગ્ન બને છે. ખરેખર બ્રહ્મરન્ધ્રમાં સ્થિરતા થતાં આનન્દામૃતધારાનો અનુભવ પ્રકટે છે. આત્મબંધુઓ ! આત્માના શુદ્ધ ગુણો પૈકી એક ગુણમાં લીન થઇ જાઓ અને પોતાના આત્માના અસંખ્ય પ્રદેશો ખરેખર બ્રહ્મરન્ધ્રમાં છે તેજ આત્મા હું છું એવા ઉપયોગમાં કલાકોના કલાકો પર્યન્ત સ્થિર થઇ લીન થઇ જાઓ; એટલે **अमर वहेजलधारा** ॥ એનો અનુભવ પોતે પ્રાપ્ત કરી

શકશો. ઈડા પિંગલા અને સુષુમ્ણા નાડીમાંથી પ્રાણવાયુનો રોધ થાય છે અને બ્રહ્મરન્ધ્રમાં સમાધિ લાગે છે ત્યારે અમૃતધારાનો અનુભવ આવે છે. આત્માની અન્તરમાં જ્યોતિ હોય છે. વંકનાલથી બ્રહ્મરન્ધ્રમાં ગમન કરવાનો માર્ગ ખુલ્લો થાય છે. બ્રહ્મરન્ધ્રમાં સ્થિરતા કરવા માટે વંકનાલના મૂલ આધારચક્રથી ચડાય છે. આધારચક્રથી બરોડના હાડકાના મધ્ય ભાગ વા પશ્ચિમ દિશાની ખડકીના વા મેરૂદંડના મધ્ય ભાગમાં થઇને પ્રાણવાયુ ઉપર બ્રહ્મરન્ધ્રમાં ગમન કરે છે. મેરૂ દંડની આદ્યમાં આધાર ચક્ર આવેલું છે ત્યાંથી આગળનાં પાંચ ચક્રનો માર્ગ ખુલ્લો થાય છે. આધારચક્રની પાસે અને સ્વાધિષ્ઠાનચક્રની પાસે કુંડલી છે. કુંડલીનું ઉત્થાન થતાં મેરૂદંડમાં પ્રાણવાયુનો પ્રવેશ થાય છે અને મેરૂદંડમાં પ્રાણવાયુનો પ્રવેશ થાય છે ત્યારે કંઇક પોતાને ખબર પડે છે અને અનહદ ધ્વનિનું શ્રવણ થાય છે. કેવલ કુંભક પ્રાણાયામથી ષટ્ચક્ર ભેદાય છે અને બ્રહ્મ દંડવા મેરૂદંડ પર્વતમાં પ્રાણવાયુનો પ્રવેશ થાય છે. કેવલ કુંભક પ્રાણાયામથી અને કેવલ કુંભકભાવ પ્રાણાયામથી માયારૂપ કુંડલી પોતાનું સ્થાન તજી દે છે અને બ્રહ્મમાર્ગમાં આગળ ગમન કરવા માટે રોધ કરતી નથી. કેવલ કુંભક ભાવ પ્રાણાયામથી આત્માના અમૃતનું માયારૂપ કુંડલી ભક્ષણ કરતી નથી. પશ્ચાત્તો આત્માના ભાવામૃતનો આત્માજ ભોક્તા બને છે અને તેથી સ્વયં પરમપ્રસન્ન બને છે. આત્માની પરમ પ્રસન્નતાની અસર વાણી મુખ અને આંખદ્વારા બહાર પણ દેખાય છે. શ્રીમદ્ વિનયવિજયોપાધ્યાયે આ દશાનો અનુભવ ખરેખર અમુક અંશે લીધો હોય એમ અવબોધાય છે. પશ્ચિમ દિશામાં મેરૂદંડદ્વારા પ્રાણવાયુનો બ્રહ્મરન્ધ્રમાં સંચાર થતાં હઠ સમાધિની પ્રાપ્તિ થાય છે. હઠયોગ શાસ્ત્રોની અન્તિમ દશાનું સાધ્યબિન્દુ હઠ સમાધિ છે. ક્ષયોપશમભાવની હઠ સમાધિ અમુક અપેક્ષાએ બ્રહ્મરન્ધ્રમાં સ્થિરતા લીનતા થએ છતે કહેવાય છે. ક્ષયોપશમભાવ સદાકાલ એકસરખો રહેતો નથી અને સદાકાલ રહેતો નથી. ક્ષયોપશમભાવની સમાધિ માટે પણ તેમ અવબોધવું. હઠ સમાધિની સાથે ક્ષયોપશમભાવની સમાધિનો સંબંધ વર્તે છે. કારણ કે કારણ વિના કાર્ય હોતું નથી. દ્રવ્ય વિના ભાવ હોતો નથી. પ્રાણવાયુની સ્થિરતાની સાથે ક્ષયોપશમભાવની સમાધિનો પણ બ્રહ્મરન્ધ્રમાં આવિર્ભાવ થાય છે. બ્રહ્મરન્ધ્રમાં સુરતાવડે સ્થિરતા કરવાથી અલ્પ દિવસોમાં સમાધિની ઝાંખી થાય છે. મનનો જ્યાં રાગદ્વેષના વિકલ્પ સંકલ્પ રહિત ખરોલય થાય છે ત્યાં સમાધિ ભાવ પ્રકટે છે. ક્ષયોપશમભાવની સમાધિનો આધાર ખરેખર કારણ સામગ્રી ઉપર છે. શરીર સ્વાસ્થ્ય, મનઃ સ્વાસ્થ્ય, યોગ્ય આહાર, યોગ્ય વિહાર, યોગ્ય સ્થળ વગેરે કારણ સામગ્રીથી સમાધિની પ્રાપ્તિ થાય છે. સમાધિ કાળની ઉત્થાન દશામાં જગતની સાથે સંબંધ રહે છે અને સમાધિ કાળમાં તો ધ્યેય વિના અન્ય વસ્તુઓની સાથે ઉપયોગ ભાવે સંબંધ પ્રાયઃ રહેતો નથી. હઠ યોગની સાથે રાજયોગની સમાધિનો ક્ષયોપશમભાવમાં સંબંધ હોય છે એમ અમોને અવભાસે છે. સમાધિ કાળમાં પંચભૂતથી પોતાનો આત્મા જુદો હોય છે એવો ભિન્ન બોધ થાય છે. આવા ભેદ જ્ઞાનથી આત્માની શ્રદ્ધા પ્રકટે છે અને આત્માની શ્રદ્ધા પ્રકટવાથી આત્માના ગુણો પ્રાપ્ત કરવા ખરેખરી કાળજી પેદા થાય છે અને પશ્ચાત્ એ ચોલમજીઠનો રંગ લાગ્યો કદિ ટળતો નથી. આવી દશામાં રહેનાર સાધુ પોતાના ગુણોની સુરતામાં લય લગાવે છે અને શરીરમાં રહેતો છતો શરીર—વાણી અને મનમાં નહિ પરિણમતાં આત્મામાં પોતાના શુદ્ધ ધર્મ વડે પરિણામ પામે છે. આવી પરમાનન્દ દશામાં વિચરનારા સાધુ યોગીઓવડે જે દેશની

પવિત્ર થાય છે તે ભૂમિ પણ તીર્થરૂપ ગણાય છે. આત્માની સમાધિ પ્રાપ્ત કર્યાથી પરમાત્મ પદની પ્રાપ્તિ થાય છે તેથી આ સંસારમાં પુનઃ આવવું પડતું નથી. જ્યાં જ્યાં મનની સ્થિરતા થાય છે ત્યાં સમાધિ છે. બ્રહ્મરન્ધ્રમાં સમાધિ થાય છે અને તેથી મોહની વાસનાઓથી આત્મા મુક્ત થઈને અન્તે મોક્ષસ્થાનમાં રહે છે.

જ્ઞાનાનન્દયોગી યોગ સમાધિમાં બહુ ઉંડા ઉતરીને ગંભીરતાથી સમાધિનું આબેહુબ સ્વરૂપ દર્શાવતા છતા ગાયન કરે છે: યોગીએ યોગમાં ચિત્તરમાવવું. યોગીએ ત્રિપુટીમાં ધ્યાન ધરવું તેણે ઇડા પિંગલા અને સરસ્વતિ નાડીનું જ્ઞાન કરવું. રેચક—પૂરક અને કુંભક રૂપપ્રાણાયામનું સેવન કરવું. પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિના અંગોનું શાસ્ત્રોના આધારે ગુરૂગમ પૂર્વક જ્ઞાન કરવું. અને સોહં શબ્દના અર્થની સાથે સુરતા લગાવીને સમાધિ પ્રાપ્ત કરવી તે સમાધિ એમ જ્ઞાનાનન્દ પોતાના અનુભવને કથે છે. ગગનમંડલમાં રહેલા બ્રહ્મસ્થાનમાં સૂર્યની કાન્તિ સમાન પ્રકાશ દેખાય છે. એ પ્રકાશને ચંદ્ર કહું તો ચન્દ્ર નથી તેમજ ચન્દ્રના પ્રકાશ કરતાં પણ જુદા પ્રકારનો છે. સૂર્યના પ્રકાશ કરતાં પણ તે જુદા પ્રકારનો છે. દીપક શું પણ તે દીપક નથી કારણ કે તેલ અને શિખાસહિત દીપક હોય છે અને બ્રહ્મરન્ધ્રમાં થતો પ્રકાશ તો તેનાથી જુદા પ્રકારનો છે. ત્યાં તો ઝગમગ ઝગમગ ઝગહળ ઝળહળ જ્યોતિ વિલસી રહી છે. વાદળાં અને વાયુ વિનાની શૂન્ય મંડળમાં(ગગન મંડળમાં)જ્યોતિ ઝળકી રહી છે અને તે દેખાય છે; એમ જ્ઞાનાનન્દ યોગી આ પ્રમાણે કથીને એવું દર્શાવે છે કે પાંચ તત્ત્વ આખા જગત્‌માં વ્યાપી રહ્યાં છે તેનાથી ભિન્ન આત્મ તત્ત્વની જ્યોતી ઝળકી રહી છે. પંડિત અને હઠવાદીઓ ત્યાં આગળ થાકી જાય છે. તેઓ પોતાના પક્ષમાં લપટાઇ ગએલા છે. બ્રાહ્મના પંડિતોનું અક્ષરાતીત તર્કાતીત એવી આત્મજ્યોતિની આગળ કંઇ ચાલી શકતું નથી અર્થાત્ તેઓ આત્માની જ્યોતિને પ્રાપ્ત કરવાને શાબ્દ વા તર્ક શાસ્ત્રોથી સમર્થ થતા નથી. ગગન મંડલમાં આત્માની નિર્મળ જ્યોતિને આત્મા પોતેજ દેખે છે અને પોતે જાણે છે તેથી તેની અન્યને ( તે દશામાં નહિ આવનારને ) સમજણ આપી શકાતી નથી તેમજ તેને તેની પ્રતીતિ થતી નથી. જેને સમાધિમાં આત્મજ્યોતિનાં દર્શન થાય છે તેજ આત્માનો સાક્ષાત્કાર કરી શકે છે અને તેનાથી થતો અનંત ગુણ સહજાનન્દ ભોગવી શકે છે. આત્માની સમાધિમાં આત્માની જ્યોતિનાં દર્શન થતાં ઘર ઘરની આશા ભ્રમણા ટળી જાય છે અને એક પોતાના આત્મામાં દૃઢ વિશ્વાસ રહે છે. બાહ્યનાં સર્વ વાસનાઓનાં બંધનો પોતાની મેળે છૂટી જાય છે. હિમાલયના બરફના ઢગલાઓને અગ્નિ સળગાવીને પિંગાળી શકાય નહિ, પરન્તુ જ્યારે વૈશાખ માસમાં સૂર્યનો અત્યંત તાપ પડે છે ત્યારે તે જલ્દી ઓગળી જાય છે તે પ્રમાણે આત્માના અસંખ્ય પ્રદેશોમાં સંબંધ પામેલી મોહની વાસનાઓને વ્યાકરણ—ન્યાય વા અન્ય ધર્મશાસ્ત્રોના અભ્યાસ સ્વાધ્યાય માત્રથી હઠાવી શકાતી નથી, પણ સમાધિદ્વારા આત્માની જ્યોતિનાં દર્શનથી અને આત્મ સમાધિમાં વારંવાર રમણતા કરવાથી મોહ અજ્ઞાન-વગેરે કર્મ બંધનોનો ત્વરિત ક્ષય કરી શકાય છે અને પોતાના આત્માનો મુક્ત દશાનો આનંદ ખરેખર દેહમાં છતાં મુક્તની પેઠે ભોગવી શકાય છે જ્ઞાનાનન્દયોગી કથે છે કે સમાધિમાં આત્મ જ્યોતિનાં દર્શન કરીને હું તો હર્ષ પામ્યો છું.

આ પ્રમાણે ઘણા જૈનયોગીઓએ અધ્યાત્મજ્ઞાનથી યોગમાર્ગ પ્રાપ્ત કરીને આત્મજ્યોતિનાં દર્શન કર્યાં છે અને આત્માના સહજાનંદના ભોક્તા થયા છે અધ્યા-

ત્મજ્ઞાનથી યોગમાર્ગમાં પ્રવેશ કરનારાઓ કદિ મોહના સંબંધોમાં ફસાતા નથી અને પામેલી ભૂમિકા સ્થિર કરીને આગળ વધવા સમર્થ થાય છે. યોગમાર્ગથી ભ્રષ્ટ થએલો મનુષ્ય પુનઃ અન્યભવમાં યોગમાર્ગને પ્રાપ્ત કરે છે કારણકે તેના હૃદયમાં પડેલા યોગના સંસ્કારો પાછો તેને યોગના માર્ગપર લાવી મૂકે છે. તે સંબંધી એક કહેણી છે કે. દુહો. **भक्तबीज पलटे नाहि, जावे जुग अनन्त, उंचनीच घर अवतरे, अन्त सन्त-को सन्त ॥१॥** ભગવદ્ગીતાના યોગાધ્યાયમાં કહ્યું છે કે યોગ ભ્રષ્ટ સ્વર્ગમાં જાય છે અને ત્યાંથી પવિત્ર લક્ષ્મીમન્ત જ્ઞાનીઓ ગૃહસ્થોના ઘેર ઉત્પન્ન થાય છે અને અન્તે પુનઃ યોગ-માર્ગનું ગુરૂ અને સામગ્રી પ્રાપ્ત કરીને સર્વ બન્ધનથી મુક્ત થાય છે. આર્યાવર્તમાં પૂર્વે યોગમાર્ગનું દરેક વર્ણ સારી રીતે અવલંબન કરતી હતી. હાલ યોગમાર્ગના સેવન વિના આર્યાવર્તની અધોગતિ થએલી અવબોધાય છે. અધ્યાત્મજ્ઞાન પામીને યોગમાર્ગમાં આ-ગળવધી શકાય છે.

અધ્યાત્મજ્ઞાનથી યોગપર્વતની બ્રહ્મગુફામાં સહેજે પ્રવેશ થાય છે માટે યોગીઓએ અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિપૂર્વક યોગમાર્ગમાં પ્રવેશ કરવો એમ અમારાથી સૂચના કરાય છે. ગમે તેવા રાગ દ્વેષના પ્રસંગોમાં અધ્યાત્મજ્ઞાનથી યોગી પોતાના વિચારોમાં અડગ અને શુદ્ધાધ્યવસાય વાળો રહી શકે છે જેમ જેમ શુદ્ધાધ્યવસાયની વૃદ્ધિ થાય છે તેમ તેમ અશુભ-કર્મની નિર્જરા થાય છે અને શુભ કર્મનો બન્ધ પડે છે. અધ્યાત્મજ્ઞાનથી હું આત્મા છું એવો અનુભવ થતાં ચારિત્રયોગમાર્ગમાં પ્રવેશ થાય છે. ચારિત્રયોગની ઉપાસના કરતાં અધ્યા-ત્મજ્ઞાનની પરિપક્વતા થાય છે. મહામુનિયો જણાવે છે કે બાહ્ય અને અભ્યંતર ચારિત્ર પામતાં શુદ્ધાત્મજ્ઞાનનો રસ પ્રકટે છે. સદાચારો પાળવાથી અધ્યાત્મ જ્ઞાનનો શુદ્ધ ભાવ પ્રકટે છે.

આગમોના શ્રવણ વાચન અને મનનથી સત્યાધ્યાત્મજ્ઞાન પ્રકટે છે પંચ મહાવ્રત ધારી મુનિયોના હૃદયમાં ખરેખર આવો ઉત્તમ અધ્યાત્મામૃતરસ રેડાય છે અને તેથી તેઓ જગતના જીવોને તારવા માટે સમર્થ થાય છે તેમજ પરમાત્મ પદ પામવા માટે સમર્થ થાય છે. ગૃહસ્થોતો મુનિરાજોની સેવાથી પોતાના અધિકારપ્રમાણે અમુકાંશે અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. વ્યવહારનય અને નિશ્ચય નયને જેઓ માને છે તેઓ અધ્યાત્મજ્ઞાનની ખરી દશા પ્રાપ્ત કરી શકે છે. અધ્યાત્મજ્ઞાનથી આત્માની ઉજ્જવલતા વૃદ્ધિ પામે છે. અન્ય દર્શ-નીઓ એટલે વેદાન્તજ્ઞાનીઓ વગેરે પણ અધ્યાત્મજ્ઞાનની મહત્તા દર્શાવે છે. તદ્યથા—

आत्मानं रथिनं विद्धि—शरीरं रथ मेव च.
बुद्धिं तु सारथिं विद्धि—मनः प्रग्रहमेव च  કઠ.
इन्द्रियाणि हयानाहु विषयांस्तेषु गोचरान् ।
आत्मेन्द्रिय मनोयुक्तं भोक्ते त्याहुर्मनीषिणः ॥ કઠ
यस्त्वविज्ञानवान् भवत्य युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥ કઠ.
यस्तु विज्ञानवान् भवति युक्तेन मनसा सदा
तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥ કઠ.

**ભાવાર્થ**—શરીર રૂપી રથ છે અને તેમાં બેસનાર આત્મા રથી છે. બુદ્ધિરૂપી સારથિને જાણુ અને મનરૂપ લગામ જાણુ. ઇન્દ્રિયોરૂપી અશ્વો છે અને બાહ્ય પૌદ્‌ગલિક વિષયોરૂપ પ્રદેશ છે. સુજ્ઞો ઇન્દ્રિય અને મન યુક્ત આત્માને ભોક્તા કથે છે. જેમ દુષ્ટ અશ્વો સારથિને અધીન થતા નથી. તેમ જે મનુષ્ય જ્ઞાની નથી તથા એકાગ્રચિત્ત વૃત્તિમાન્ નથી તે ઇન્દ્રિયો ને વશમાં કરી શકતો નથી. જેમ ઉત્તમ અશ્વો પોતાના સારથિના તાબે રહે છે તે પ્રમાણે જે જ્ઞાની છે અને ધ્યેયમાં મન જોડે છે તેના તાબામાં ઇન્દ્રિયો રહે છે.

अशब्दमस्पर्शमरूपमव्ययम् तथाऽरसं नित्यमगन्धवच्च ।
अनाद्यनन्तं महतःपरं ध्रुवं, निचाय्यतन्मृत्युमुखात्प्रमुच्यते ॥ कठो ॥
तदेजतितन्नेजति तद्दूरेतद्वदन्तिके
तदन्तरस्यसर्वस्य तदुसर्वस्यास्यबाह्यतः ॥ ईश ॥
यस्तुसर्वाणिभूतान्यात्मन्येवानुपश्यति ।
सर्वभूतेषुचात्मानं ततो न विजुगुप्सते—

શબ્દ, સ્પર્શ રૂપ રસ ગન્ધ અને વિનાશ રહિત નિત્ય અનાદિ અનન્ત અહંકારથી પર ધ્રુવ એવા આત્માનો અનુભવ કરનાર મનુષ્ય મૃત્યુના મુખમાંથી મૂકાય છે. તે આત્મા ચલ છે. આત્મા ચલ છે અને અચલ છે. અજ્ઞાનીઓથી દૂર છે અને જ્ઞાનીઓની પાસે છે. તે સર્વ દેહોના અન્તરમાં રહે છે અને બહાર છે. પર્યાયાર્થિક નયની અપેક્ષાએ આત્મા એક શરીર ત્યજીને અન્ય શરીર ધારણ કરે છે તેની અપેક્ષાએ ચલ કહેવાય છે. વ્યવહારનયની અપેક્ષાએ કાર્મણ શરીરની સાથે આત્મા પણ એક ભવમાંથી અન્ય ભવમાં ચાલે છે માટે ચલ કહેવાય છે. આત્માના જ્ઞાનાદિપર્યાયોનો ઉત્પાદવ્યય થયા કરે છે તેની અપેક્ષાએ આત્મા ચલ કહેવાય છે. પર્યાયાર્થિક નયની અપેક્ષા ગ્રહણ કરવામાં ન આવે અને એકલી દ્રવ્યાર્થિક નયની અપેક્ષા ગ્રહણ કરીને કહેવામાં આવે તો આત્મા અચલ છે. દરેક વસ્તુઓ મૂળ દ્રવ્યરૂપે અચલ છે અને દરેક વસ્તુઓ પર્યાયની અપેક્ષાએ અચલ છે. આત્મા, દ્રવ્યપણે અચલ ન માનવામાં આવે તો તે ધ્રુવ ઠરે નહિ અને ધ્રુવતા વિના આત્મા સત્ ઠરી શકે નહિ. એ ઉપનિષદ્‌નો અનેકાન્ત દૃષ્ટિથી અર્થ ગ્રહણ કરવામાં આવે તો આત્મામાં ચલત્વ અને અચલત્વ સિદ્ધ થાય છે. એકાન્તવાદથી વેદાન્તીઓ પણ એનો અર્થ સમ્યગ્ દૃષ્ટિ વિના બરાબર કરી શકે નહિ. સમ્યગ્‌દૃષ્ટિથી અનેકાન્તાર્થ ગ્રહણ કરનાર વસ્તુને સમ્યગ્ જાણી શકે છે. જે મનુષ્ય સર્વ પ્રાણીઓને પોતાના આત્મામાં દેખે છે અને સર્વ પ્રાણીઓમાં પોતાના આત્માને દેખે છે તે જ્ઞાની છે અને તે કોઇનો તિરસ્કાર કરી શકતો નથી એવો આત્મજ્ઞાની મુક્ત થાય છે. સર્વ પ્રાણીઓને પોતાના આત્માની તુલ્ય સમજનાર જ્ઞાની સર્વ પ્રાણીઓમાં પોતાના આત્માને દેખે છે એમ અવબોધવું, તેમજ જે પોતાના આત્મા તુલ્ય સર્વ પ્રાણીઓને દેખે છે તે કોઇપણ પ્રાણીનો તિરસ્કાર કરવા પ્રેરાતો નથી અને તે કોઇ પ્રાણીના તિરસ્કાર પાત્રભૂત બનતો નથી. સર્વ પ્રાણીઓમાં ભિન્ન ભિન્ન આત્માઓ છે. જેવું પોતાના આત્માને સુખદુઃખ થાય છે તેવું અન્ય પ્રાણીઓના આત્માઓને પણ સુખદુઃખ થાય છે,

એવું અધ્યાત્મજ્ઞાનથી જાણવામાં આવે છે ત્યારે સર્વ પ્રાણીઓની દયા કરી શકાય છે. સર્વ જીવોની યતના કરી શકાય છે. ઉત્તમ દશા પ્રગટતાં પોતાનું અશુભ ચિંતવનાર ઉપર પણ વૈરભાવ પ્રગટતો નથી.

અન્ય દર્શનીઓ પણ તેમના મત પ્રમાણે અધ્યાત્મજ્ઞાનને માન આપે છે. જૈનો સ્યાદ્વાદની અપેક્ષાએ અધ્યાત્મજ્ઞાનને સ્વીકારે છે. એકાન્ત દૃષ્ટિથી અધ્યાત્મશાસ્ત્રો જે રચાયાં છે તે સમ્યક્ત્વભાવને ઉત્પન્ન કરવા સમર્થ થતાં નથી. સ્યાદ્વાદદૃષ્ટિથી રચાયલાં અને લખાયલાં અધ્યાત્મશાસ્ત્રોથી સમ્યક્પણે આત્મતત્ત્વ સમજાય છે અને તેથી વ્યવહાર અને નિશ્ચયનય પ્રમાણે આત્મતત્ત્વનું આરાધન થાય છે. બાહ્યદૃષ્ટિથી અવલોકતાં જે દુનિયાના પદાર્થો આનન્દમય લાગે છે તેજ પદાર્થો ખરેખર અધ્યાત્મદૃષ્ટિથી અવલોકતાં નિરસાર લાગે છે. પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ તો અધ્યાત્મ દૃષ્ટિથી અવલોકાય છે.

અધ્યાત્મજ્ઞાનથી પોતાના આત્માને મોક્ષમાર્ગ પ્રતિ લેઇ શકાય છે. ઉપર પ્રમાણે દર્શાવેલા વિચારો આદિ અનેક શાસ્ત્રીય વિચારોથી અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા સિદ્ધ થાય છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયના હૃદયમાંથી નીચે પ્રમાણે અધ્યાત્મજ્ઞાનની ઉત્તમતાના ઉદ્‌ગારો નીકળે છે—**अध्यात्मसारे**.—

कान्ताधरसुधास्वादा—यूनां यज्जायते सुखं
बिन्दुः पार्श्वेतदध्यात्म—शास्त्रस्वादसुखोदधेः ॥ ॥ ९ ॥
अध्यात्मशास्त्रसंभूत—सन्तोषसुखशालिनः
गणयन्तिनराजानं न श्रीदं नाऽपिवासवम् ॥ १० ॥
यःकिलाशिक्षिताध्यात्म शास्त्रःपाण्डित्यमिच्छति
उत्क्षिपत्यंगुलींपंगुः सस्वर्द्रुमफललिप्सया— ॥ ११ ॥
दम्भपर्वतदंभोलिः सौहार्दांबुधिचन्द्रमाः
अध्यात्मशास्त्रमुत्ताल—मोहजालवनानलः— ॥ १२ ॥
अध्वाधर्मस्यसुस्थःस्यात्पापचौरःपलायते
अध्यात्मशास्त्रसौराज्ये नस्यात्कश्चिदुपप्लवः ॥ १३ ॥
येषामध्यात्मशास्त्रार्थ—तत्त्वं परिणतं हृदि
कषायविषयावेश क्लेशस्तेषां न कर्हिचित् ॥ १४ ॥
निर्दयः कामचण्डालः पण्डितानापि पीडयेत्
यदि नाध्यात्मशास्त्रार्थ, बोधयोधकृपाभवेत् ॥ १५ ॥
विषवल्लिसमां तृष्णां, वर्धमानां मनोवने
अध्यात्मशास्त्रदात्रेण छिन्दन्तिपरमर्षयः ॥ १६ ॥

वनेवेश्मधनंदौस्थे, तेजोध्वान्तेजलंमरौ
दुरापमाप्यतेधन्यैः, कलावध्यात्मवाङ्मयम् ॥ १७ ॥
वेदान्यशास्त्रवित्क्लेशं, रसमध्यात्मशास्त्रवित्
भाग्यभृद्भोगमाप्नोति, वहतेचन्दनंखरः ॥ १८ ॥
भुजास्फालनहस्तास्य, विकाराभिनयाःपरे
अध्यात्मशास्त्रविज्ञास्तु, वदन्त्यविकृतेक्षणाः ॥ १९ ॥
अध्यात्मशास्त्रहेमाद्रि, मथितादागमोदधेः
भूयांसिगुणरत्नानि, प्राप्यन्तेविबुधैर्नकिम् ॥ २० ॥
रसोभोगावधिःकामे, सद्भक्ष्येभोजनावधिः
अध्यात्मशास्त्रसेवाया, रसोनिरवधिःपुनः ॥ २१ ॥
कुतर्कग्रन्थसर्वस्व, गर्वज्वरविकारिणी
एतिदृग्निर्मलीभाव, मध्यात्मग्रन्थभेषजात् ॥ २२ ॥
धनिनांपुत्रदारादि, यथासंसारवृद्धये
तथापाण्डित्यदृप्तानां, शास्त्रमध्यात्मवर्जितम् ॥ २३ ॥
अध्येतव्यंतदध्यात्म, शास्त्रंभाव्यंपुनःपुनः
अनुष्ठेयस्तदर्थश्च, देयोयोग्यस्यकस्यचित् ॥ २४ ॥

ભાવાર્થઃ–કાન્તાના અધરામૃતના આસ્વાદથી યુવકોને જે સુખ થાય છે તે સુખ તો અધ્યાત્મશાસ્ત્રસ્વાદથી થનાર સુખરૂપ સમુદ્રની પાસે એક બિન્દુ સમાન છે. અધ્યાત્મ શાસ્ત્રોના વાંચન શ્રવણ મનન અને પરિશીલનથી ઉત્પન્ન થનાર સંતોષ સુખમાં મસ્ત બનેલા મહાત્માઓ રાજા ધનદ અને ઇન્દ્રને પણ હિસાબમાં ગણતા નથી. જેમ કોઇ પંગુ કલ્પવૃક્ષ ફલની ઇચ્છાએ આંગળી ઉંચી કરે છે પણ તે જેમ વ્યર્થ જાય છે તેમ જે મનુષ્યે અધ્યાત્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો નથી અને પાંડિત્ય ઇચ્છેછે તે પણ વ્યર્થ થાય છે. દંભરૂપ પર્વત ભેદવાને માટે વજ્ર સમાન, મૈત્રીભાવનારૂપ વૃદ્ધિ કરવા ચંદ્રસમાન, મોહજાલરૂપ વનને બાળવા અગ્નિસમાન, ખરેખર અધ્યાત્મશાસ્ત્ર છે. અધ્યાત્મશાસ્ત્રથી ઉત્પન્ન થનાર અધ્યાત્મજ્ઞાનને જેટલી ઉપમાઓ આપવામાં આવે તેટલી ન્યૂન છે. અધ્યાત્મશાસ્ત્રનું સૌરાજ્ય પ્રવર્તતે છતે ધર્મનો માર્ગ સ્વસ્થ થાય છે. ધર્મ માર્ગમાં પ્રવર્તતાં મોહના સુભટોનું પ્રાબલ્ય ચાલતું નથી અને મોહસુભટો વડે કરાયલા ઉપદ્રવોનો પણ નાશ થાય છે. પાપરૂપ ચોર તો પલાયન કરી જાય છે. ॥ જે મનુષ્યોના હૃદયમાં અધ્યાત્મશાસ્ત્ર પરિણામ પામ્યું છે તેઓને કષાયવિષયાવેશકલેશ કદાપિ હોતો નથી. અધ્યાત્મ શાસ્ત્રોનું વાચન શ્રવણ એ એક જુદી વાત છે અને અધ્યાત્મ શાસ્ત્રોપ્રમાણે હૃદયનું પણ અધ્યાત્મભાવે પરિણમવું થવું એ એક જુદી વાત છે. અધ્યાત્મ શાસ્ત્રો વાં·

થીને અધ્યાત્મપરિણતિવાળું હૃદય કરવામાં આવે છે તો અધ્યાત્મની મહત્તાનો હૃદયમાં અનુભવ આવી શકે છે. અધ્યાત્મ શાસ્ત્રો ખરેખર હૃદયમાં અધ્યાત્મ પરિણતિ ઉત્પન્ન કરાવે છે અને જ્યારે હૃદયમાં અધ્યાત્મ પરિણતિ પ્રગટે છે ત્યારે કષાયો અને વિષયોનો આવેશ સંબંધી ક્લેશ મન્દ પડતો પડતો સર્વથા પ્રકારે ક્લેશ ટળે છે. કષાયો અને વિષયોના આવેશોને ટાળવા હોય તો અધ્યાત્મશાસ્ત્રો કહે છે કે અમારી ઉપાસના કરો અને અધ્યાત્મ વિચારોને હૃદયમાં ભરી દેઇને હૃદયમાં ઉંડા અધ્યાત્મજ્ઞાનના સંસ્કાર પાડો.

જો અધ્યાત્મશાસ્ત્રના અર્થ બોધરૂપ યોદ્ધાની કૃપા ન હોયતો નિર્દય કામરૂપ ચંડાલ, એ ખરેખર પંડિતોને પણ પીડે છે અને તેઓને પોતાના દાસ બનાવે છે. અધ્યાત્મ શાસ્ત્ર એ સૂર્યના પ્રકાશરૂપ છે ત્યાં અંધકારમાં ઉત્પન્ન થનાર કામ ચંડાલ આવી શકતો નથી. અધ્યાત્મશાસ્ત્રથી હૃદયમાં ઉત્પન્ન થએલી શુદ્ધિ પરિણતિના બળ આગળ કામના વિચારો ટકી શકતા નથી. મનરૂપ વનમાં વૃદ્ધિ પામનારી તૃષ્ણારૂપ વિષવલ્લિને મહર્ષિયો, અધ્યાત્મ શાસ્ત્રરૂપ દાતરડાવડે છેદી નાંખે છે. તૃષ્ણારૂપ વિષની વલ્લિનું ઉત્પતિ સ્થાન મન છે અને તે અજ્ઞાનરૂપ વાયુથી પોષાય છે. દરેક પ્રાણીને અજ્ઞાનાવસ્થામાં અનેક પ્રકારની તૃષ્ણા પ્રગટે છે અને તે પ્રતિક્ષણ વધતી જાય છે. સાગરનો અન્ત આવે છે. પણ તૃષ્ણાનો પાર આવતો નથી. તૃષ્ણા એ સંસાર પ્રવૃત્તિ ચક્રની જનની છે. તૃષ્ણાની વિષવલ્લિનાં ફળો પણ વિષમય હોય છે અને તેમાંથી વહેતો એવો રસ પણ વિષયરૂપ હોય છે. જેના હૃદયમાં તૃષ્ણારૂપ વિષવલ્લિ નથી એવા મહાપુરૂષના હૃદયની સ્વચ્છતા જુદા પ્રકારની હોય છે. જેના હૃદયમાં તૃષ્ણારૂપ વિષવલ્લિ નથી તેને કોઇની સ્પૃહા નથી અને તેની આગળ કોઇ દુનિયાનો ચક્રવર્તિ ઇન્દ્ર ચન્દ્ર પણ મહાન્ નથી. મનુષ્યનું શરીર ઘસાય છે. કૃષ્ણ કેશ ટળીને શ્વેત કેશ થાય છે પણ અજ્ઞાન યોગે તૃષ્ણા ટળતી નથી. સત્તા પદવી ધન વગેરેની તૃષ્ણાઓનો કદી અન્ત આવતો નથી અને તૃષ્ણાનો નાશ થયા વિના સંતોષ પ્રાપ્ત થતો નથી અને સંતોષ વિના ખરા સુખની આશા રાખવી એતો વ્યર્થ છે. ગરીબ વા ધનવંતને તૃષ્ણાના વિષપ્રવાહમાં વહેતાં કદી સુખની ઝાંખી થતી નથી. તૃષ્ણાનો આદર ખરેખર અજ્ઞાનાવસ્થામાં થાય છે. અજ્ઞાની મનુષ્યો સુખની લાલચે તૃષ્ણાને દેવીની પેઠે પૂજે છે અને તૃષ્ણારૂપ હોળીમાં પોતે પતંગીઆની પેઠે બળીને ભસ્તીભૂત થઇ જાય છે. તૃષ્ણાનો નાશ કરી બાહ્ય દૃષ્ટિથી થવાનો નથી. જ્ઞાની પુરૂષો જણાવે છે કે તૃષ્ણારૂપ વિષવલ્લિનું છેદન કરવું હોયતો અધ્યાત્મશાસ્ત્રરૂપ દાતરડાને ગ્રહણ કરો અને તે વડે તૃષ્ણાવલ્લિને છેદી નાખો.

વનમાં ઘર દુઃખી અવસ્થામાં ધન અંધકારમાં પ્રકાશ અને મેરૂ દેશમાં જેમ જલ પ્રાપ્ત થવું દુર્લભ છે તેમ શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય કથે છે કે આ કલિકાલમાં અધ્યાત્મ શાસ્ત્રની પ્રાપ્તિ થવી તે પણ દુર્લભ છે.

આ કલિયુગમાં પાપ પ્રવૃત્તિમય અને પાપમય પ્રવૃત્તિવડે સાધ્ય થતી એવી ક્ષણિક બાહ્યોન્નતિ અર્થે દુનિયા પાપમય પ્રવૃત્તિ શાસ્ત્રોને લખે છે, વાંચે છે, ભણે છે અને તે શાસ્ત્રોની ઉપાસના કર્યા કરે છે અને તેવા પાપ પ્રવૃત્તિમય શાસ્ત્રોને પ્રકટાવવા માટે લેખકોને ઉત્તેજન આપે છે. જ્યાં ત્યાં બાહ્ય પ્રવૃત્તિના ભણકારો થયા કરે છે અને તે તરફ લોકોની પાંચે ઇન્દ્રિયોની અને મનની રાત્રીદિવસ થયા કરે છે એવું અનુભવમાં આવે છે. પાપમય પ્રવૃત્તિયોના હેતુઓમાં ઉન્નતિનો માર્ગ છે એવું બાહ્યદૃષ્ટિથી દેખીને ગાંડાઓની પેઠે બાહ્ય

પ્રવૃત્તિ માર્ગમાં દોડધા કરે છે અને તેમાં ન રસ છતાં રસ માનીને કૂતરૂં હાડકાં ચૂસે છે તેની પેઠે ભ્રાન્તિથી મથ્યા કરે છે. જે નથી તેને પોતાનું કલ્પીને અન્ય જીવોના પ્રાણો ચુસીને પોતાના આત્માને સાન્નિપાતિકની પેઠે સુખ આપવા મથ્યા કરે છે. પ્રવૃત્તિમય શાસ્ત્રોના વાચનમાં સેંકો આંખો ખોઇને ચશ્માં ધારણ કરે છે. અને તેમજ મનની માથાકૂટ કરીને મનને યન્ત્રની પેઠે પ્રવર્તાવ્યા કરે છે. શૃંગારરસ આદિ જેમાં અશુભ રસવાળાં શાસ્ત્રોનું અધ્યયન કરીને દુનિયા સ્વપ્નસુખની મોજને અનુભવી ક્ષણમાં દુ:ખના નિ:સાસા નાંખે છે તોપણ વિષના કીડાની પેઠે પાપમય પ્રવૃત્તિ શાસ્ત્રોમાંજ સુખ શોધ્યા કરે છે. શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે આ કલિકાલમાં જણાવેલા દૃષ્ટાંતોની પેઠે અધ્યાત્મશાસ્ત્રની દુર્લભતા છે. અધ્યાત્મશાસ્ત્રોની પ્રાપ્તિ થવી દુર્લભ છે તેમજ અધ્યાત્મશાસ્ત્રો તરફ રૂચિ થવી પણ દુર્લભ છે. તેમજ અધ્યાત્મશાસ્ત્રો સમજવાં દુર્લભ છે. તેમજ અધ્યાત્મશાસ્ત્રોને સમજાવનારા મહાપુરૂષો પણ વિરલા છે. અધ્યાત્મશાસ્ત્રની પ્રાપ્તિ થવી એ કંઇ સામાન્ય વાત નથી. અલ્પકાળમાં મુક્તિ જનાર આત્માને અધ્યાત્મશાસ્ત્રની પ્રાપ્તિ થાય છે અને તેમજ તેની અધ્યાત્મશાસ્ત્રમાં શ્રદ્ધા થાય છે તથા તે પ્રમાણે તેનું વર્તન થાય છે. બાહ્ય શાસ્ત્રો કરતાં અધ્યાત્મ શાસ્ત્રોની સંખ્યા અલ્પ છે. બાહ્ય શાસ્ત્રોથી ધૂમકેતુઓની પેઠે લોકોનો અભ્યુદય તથા અસ્ત થાય છે. આશ્રવની વૃદ્ધિ કરનારા શાસ્ત્રોની ઉત્પત્તિ તો સહેજે થાય છે અને તે તરફ પ્રવૃત્તિ પણ સહેજે થાય છે. અધ્યાત્મશાસ્ત્રો તો તીર્થરૂપ છે અને તેની ઉત્પત્તિ ખરેખર તીર્થંકરોથી થાય છે અને તેનાથી થતો ઉદય સદાકાલ કાયમ રહે છે. અધ્યાત્મશાસ્ત્રોથી શાન્ત રસ પોષાય છે શાન્ત રસ ખરેખર સર્વરસનો રાજા છે અને તેનું પાન કરનારાઓ ખરેખરા અમર થાય છે. જે સુખ સદા રહે છે એવા સુખને અધ્યાત્મશાસ્ત્રના ઉપાસકો પામે છે તેઓના મનમાંથી પાપના વિચારો તો ટળવા માંડે છે અને હૃદય રૂપ ભારતક્ષેત્રમાં દયારૂપ ગંગાનદીનો પ્રવાહ વહેવા માંડે છે તેથી તેઓ પોતાની ખરી પવિત્રતા પ્રાપ્ત કરીને તીર્થરૂપ પોતે બને છે અને પોતાના સમાગમમાં આવનારાઓને પણ તીર્થરૂપ બનાવે છે.

ચાર વેદ અને અન્યશાસ્ત્રના જાણનારાઓ તો બાહ્ય વૃત્તિથી કલેશ પામે છે અને આનન્દરસને તો અધ્યાત્મશાસ્ત્રવેત્તાઓ પામે છે. ભાગ્યશાલી ભોગને તો પામે છે અને રાસભતો ચન્દનનો ભારજ ઉંચકી જાણે છે. અધ્યાત્મશાસ્ત્ર વિના સહજાનન્દરસ પરખાતો નથી. બાહ્ય પદાર્થોનું જ્ઞાન આપનારાં શાસ્ત્રોથી ખરો આનન્દરસ પરખાતો નથી. બહોતેર કળાનાં શાસ્ત્રોનો અભ્યાસ કરવામાં આવે તોપણ અધ્યાત્મજ્ઞાન વિના આનન્દ મળવાનો નથી. સત્યાનન્દ રસની દિશા દર્શાવનાર અધ્યાત્મશાસ્ત્રોનું પરિશીલન એજ ખરેખરૂં કર્તવ્ય છે. હોમ વગેરે અનેક કર્મો કરવાથી કંઇ આત્માનો ખરો આનન્દ અનુભવાતો નથી.

ભુજાનું આસ્ફાલન તેમજ હસ્ત મુખના વિકાર આદિ નાટક અભિનયો કંઇ સત્ય સુખની દિશા દર્શાવતા નથી તેમજ હાસ્યાદિ ચેષ્ટાવાળા ભોગી પુરૂષો વિકારજન્ય આનન્દ ભોગવવા પ્રયત્ન કરે છે અને તેઓ મુખાદિની વિકારજન્ય ચેષ્ટાઓ કરે છે પણ તેમાં તેઓ અન્તે ઠગાય છે અને સત્ય સુખથી દૂર રહે છે. અધ્યાત્મ શાસ્ત્રવેત્તાઓ તો ચક્ષુઆદિની વિકારિક ચેષ્ટા રહિત બોલે છે. ભોગીની વિકાર ચેષ્ટાઓમાં તેમને ભ્રાન્તિ લાગે છે. અંગવિકાર ચેષ્ટા જન્યસુખ તો એક ક્ષણમાત્ર ભાસે છે અને અન્તે હતું ન હતું થઇ જાય છે. નાટક વગેરેમાં પ્રેક્ષકોને આનન્દ આપનારી અનેક ચેષ્ટાઓ થાય છે તથાપિ આપ્રપર્યન્ત.

પ્રેક્ષકોને અને નાટકીયાઓને સત્ય સુખ થયેલું જણાતું નથી છતાં મૂઢ જીવો તેવી વિકારિક શૃંગારિક ચેષ્ટાઓમાં મૃગજલની પેઠે સુખની ભ્રાન્તિ ધારણ કરી મનથી દોડ્યા કરે છે અને અન્તે અજાગલસ્તનની પેઠે નિષ્ફલતાને દેખે છે છતાં હાર્યો જુગારી બમણું રમે તેની પેઠે વારંવાર તેમાં ને તેમાં વિષ્ઠાના કીટકની પેઠે રાચ્યા માચ્યા કરે છે. શૃંગારિક રસની ચેષ્ટાઓથી સત્યાનન્દ કોઇને પ્રાપ્ત થયો નથી અને કોઇને થનાર નથી માટે અધ્યાત્મશાસ્ત્રોનું અધ્યયન કરીને સત્ય સુખની શોધ કરીને તેમાં મસ્ત બનવું એજ લેખકનું હાર્દ છે.

કામમાં જો રસ પડે છે તે ભોગવતાં સુધી મધુર છે. જમતાં સુધી ઉત્તમ ભોજનમાં રસ પડે છે અને અધ્યાત્મશાસ્ત્ર સેવાથી ઉત્પન્ન થનાર આનન્દરસની તો અવધિ નથી. દુનિયામાં સર્વ પ્રકારના ક્ષણિક જડપદાર્થો સત્ય સુખ દેવા સમર્થ થતા નથી. વિશેષાવશ્યકમાં સાંસારિક ભાવોથી ખરૂં સુખ રહેતું નથી તે નીચે મુજબ દર્શાવ્યું છે.

नग्नः प्रेतइवाविष्टः क्वणन्तीमुपगृह्यताम्
गाढायासितसर्वाङ्गः स सुखी रमते किल ॥ १ ॥
औत्सुक्यमात्रमवसादयतिप्रतिष्ठा
क्लिश्नाति लब्धपरिपालनवृत्तिरेव
नातिश्रमापगमनाय यथा श्रमाय
राज्यं स्वहस्तगतदण्डमिवातपत्रम् ॥ २ ॥
भुक्ताःश्रियःसकलकामदुघास्ततः किं
सम्प्रीणिताःप्रणयिनः स्वधनैस्ततः किं
दत्तं पदं शिरसि विद्विषतां ततः किं
कल्पंस्थितंतनुभृतांतनुभिस्ततः किं ॥ ३ ॥
इत्थंनकिञ्चिदपि साधनसाध्यजातं
स्वप्नेन्द्रजालसदृशं परमार्थशून्यम्
अत्यन्तनिर्वृतिकरंयदपेतबाधं
तद्ब्रह्मवाञ्छतजनाः यदि चेतनास्ति ॥ ४ ॥

આ શ્લોકોનો ભાવાર્થ હૃદયમાં મનન કરીને ધારવામાં આવે તો અધ્યાત્મશાસ્ત્રોએ દર્શાવેલ સત્ય સુખની દિશામાં આત્માનું ગમન થાય. વિષયનું સુખ તે પરમાર્થથી જોતાં દુઃખજ છે. यतः विशेषावश्यके—

विसयसुहंदुरकंचिय, दुक्खपडियारओतिगिच्छव्व
तं सुहमुवयाराओ, नउवयारोविणातच्चं ॥

વૈષયિક સુખ તે વસ્તુતઃ દુઃખજ છે. કારણકે તે દુઃખના પ્રતિકારરૂપ છે માટે દુષ્ટ. અર્શ આદિની ચિકિત્સાની પેઠે વિષયપદાર્થોમાં સુખનો ઉપચાર છે અને ઉપચાર તે

વસ્તુતઃ સત્ય હોતો નથી. ઔપચારિક વિષય સુખતે વસ્તુતઃ સુખજ નથી અર્થાત્ દુઃખ રૂપજ છે. અધ્યાત્મભાવમાં રમતા એવા મુનિને સત્ય સુખ અહીંઆં થાય છે.

**यदुक्तं विशेषावश्यके.**

**निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम्–**
**विनिवृत्तपराशाना, मिहैवमोक्षः सुविहितानाम् ॥१॥**

જેઓએ કામ અહંકારનો જય કર્યો છે અને તેમજ વાણી કાય અને મનના વિકાર રહિત થઇ જેઓએ પરની આશાઓને દૂર કરી છે એવા સુવિહિત મુનિયોને શરીર છતાં અત્ર મોક્ષ છે.

જે સંસારમાં આનન્દ માનનાર છે તે દેહ અને ઇન્દ્રયોની પેલીપાર રહેલું આત્મિક સુખ દેખવા તથા અનુભવવા સમર્થ થતો નથી. પુણ્યથકી જે સુખ થાય છે તેનાં કરતાં આત્માનું સહજ સુખ ભિન્ન છે માટે મુક્તિમાં ખરેખર દેહ અને ઇન્દ્રિય દ્વારા ભોગવાતા એવા પુણ્યજન્ય સુખથી ભિન્ન નિત્ય અને સ્વાભાવિક સુખને સિદ્ધ પરમાત્મા ભોગવે છે. ઉપરના શ્લોકોથી અને અનુભવથી સિદ્ધ થાય છે કે અધ્યાત્મ શાસ્ત્ર જન્ય આનંદ રસની અવધિ નથી. જેઓ અધ્યાત્મ શાસ્ત્ર દ્વારા આત્માના અનુભવમાં ઉંડા ઉતરી ગયા છે તેઓ અધ્યાત્મ સુખની લ્હેરીયો અનુભવે છે તેઓને આત્મ સુખની પ્રતીતિ થાય છે તેથી તેઓ બાહ્ય ઋદ્ધિ સત્તા પદવી વગેરેની ઉપાધિથી મુક્ત થઇ શરીરમાં સ્થિત આત્માના ધ્યાનમાં મસ્ત થાય છે અને દુનિયાના ભાવોને મિથ્યા દેખે છે. અધ્યાત્મ શાસ્ત્રો કથે છે કે હે દુનિયાના મનુષ્યો ! તમો અમારી પાસે આવો અમો તમારા ત્રિવિધતાપોને હરીને નિરવધિ સુખમાં મગ્ન કરી દેઇશું ' અમારામાં શ્રદ્ધા રાખો.

શ્રીમદ્ ઉપાધ્યાય યશોવિજયજી કથે છે કે કુતર્કવાળા શાસ્ત્રોના સર્વસ્વગર્વજ્વરથી વિકારવાળી બનેલી એવી દૃષ્ટિ તે ખરેખર અધ્યાત્મ ગ્રન્થ રૂપ ઔષધના પ્રયોગથી નિર્મલ બને છે. વ્યાકરણ અને કેવલ ન્યાયશાસ્ત્રો વગેરેના અભ્યાસીઓ ગર્વ ધારણ કરે છે અને તેઓ વિવાદોમાં કલેશ ફલને પ્રાપ્ત કરે છે અન્ય શાસ્ત્રોના અભ્યાસથી પંડિતો અભિમાન ધારણ કરે છે અને તેઓની દૃષ્ટિમાં રાગ દ્વેષની મલીનતા રહે છે. સરલ ભાવ અને સર્વ જીવોની સાથે શુદ્ધપ્રેમવડે સર્વમાં આત્મદૃષ્ટિ ધારણ કરવી ઇત્યાદિ ગુણોથી બાહ્ય શાસ્ત્રોના વિદ્વાનો દૂર રહે છે અને તેથી તેઓની દૃષ્ટિમાં વિકાર રહે છે. બાહ્ય પદાર્થો, ભાષાઓ અને કુતર્કના અભ્યાસી પંડિતોની દૃષ્ટિની મલીનતાનો નાશ કરનાર ખરેખર અધ્યાત્મ શાસ્ત્રો છે. અધ્યાત્મ શાસ્ત્રો છે કથે છે કે દૃષ્ટિમાં રહેલી રાગ દ્વેષની મલીનતાનો અમો નાશ કરવા સમર્થ છીએ. અહંકારનો નાશ કરીને મનુષ્યોને પોતાના આત્માનું અમે ભાન કરાવીએ છીએ માટે દુનિયાના લોકો ! તમો પોતાની દૃષ્ટિની નિર્મલતા પ્રાપ્ત કરવા ઇચ્છતા હોવ તો અમારી પાસમાં આવો અને અમારા રહેલું અપૂર્વ સૌન્દર્ય અવલોકો. અમારામાં આલેખાયેલા અપૂર્વભાવો વડે તમારા હૃદયને રંગો અને પશ્ચાત્ જુઓ કે અમારામાં કેટલી મહત્તા છે ? મોટા મોટા વિદ્વાનોએ અમારો આશ્રય લીધો છે અને તેઓ પોતાના આત્માને દેખવા સમર્થ બન્યા છે. જેઓના દોષ હરવાને ઇન્દ્રો પણ સમર્થ નથી તેવા દુષ્ટ જીવોને અમોએ

મોક્ષ આપ્યો છે એમ અધ્યાત્મ શાસ્ત્રો પોકારીને કથે છે. સુજ્ઞો આથી સમજી શકશો કે અધ્યાત્મજ્ઞાન ખરેખર હૃદયમાં પરિણમવાથી દૃષ્ટિની નિર્મળતા થાય છે.

ધનવંતો ને જેમ પુત્ર સ્ત્રીઓ આદિ સંસારની વૃદ્ધિ અર્થે થાય છે તેમ પાંડિત્યના અહંકારમાં આવેલા વિદ્વાનોને અધ્યાત્મ વિનાનાં શાસ્ત્રો સંસારની વૃદ્ધિ અર્થે થાય છે. શ્રીમદ્ પૂજ્ય યશોવિજય ઉપાધ્યાયનું આ કથન ખરેખર ભાષા અને તર્કના પંડિતોને મનન કરવા યોગ્ય છે. વિદ્યાનો મદ ખરેખર વિદ્વાનોને થાય છે. ગૌતમ સ્વામી જેવા ગણધરોને પણ પૂર્વે વિદ્યાનો મદ થયો હતો. સિદ્ધસેન દિવાકરને પણ પૂર્વે વિદ્યાનો મદ થયો હતો. ધનિકોને ધનનોમદ થાય છે. તપસ્વીઓને તપનોમદ થાય છે. ક્રિયાવાદીઓને ક્રિયાનોમદ થાય છે. તપનું અજીર્ણ ક્રોધ છે અને વિદ્યાનું અજીર્ણ અહંકાર છે. અધ્યાત્મજ્ઞાન જેમાં નથી એવાં શાસ્ત્રો સંસારમાં અભિમાનની વૃદ્ધિકરાવે છે અને તેથી સંસારની વૃદ્ધિ થાય છે. અધ્યાત્મજ્ઞાન વિનાનાં શાસ્ત્રોના અભ્યાસથી ચર્ચા, અહંતા, ખંડન, મંડનમાં અહંકાર અને કપટ કલાની વૃત્તિ પ્રગટે છે અને તેથી વિદ્વાન્ પોતાના આત્માને શાંતિ આપવા સમર્થ થતો નથી. ભલે સાધુ હોવવા ગૃહસ્થ હોવ, પરંતુ અધ્યાત્મજ્ઞાનકારક શાસ્ત્રોના અભ્યાસ વિના કદી તે મુક્તિ સમ્મુખ થવાનો નથી. અધ્યાત્મશાસ્ત્રોના પઠન પાઠનથી આત્મામાં સદ્ગુણો પ્રાપ્ત કરવાની ઇચ્છા પ્રગટે છે અને દુર્ગુણોનો નાશ કરવા અત્યંત પ્રયત્ન થાય છે. અધ્યાત્મ શાસ્ત્રો એ દિવ્ય પ્રકાશ છે; એ પ્રકાશને એકાન્ત જડવાદી મનુષ્યરૂપ ઘુવડ ન દેખે તેમાં અધ્યાત્મજ્ઞાનનો દોષ નથી કિન્તુ તેની દૃષ્ટિનો દોષ છે. અધ્યાત્મ શાસ્ત્રોના પ્રકાશમાં ખરેખર દિવ્ય પુરૂષો રહી શકે છે અને તેઓની દિવ્ય દૃષ્ટિ ખીલે છે માટે અધ્યાત્મ શાસ્ત્ર ભણવા યોગ્ય છે અને વારંવાર અધ્યાત્મશાસ્ત્રગતભાવો ભાવવા યોગ્ય છે.

અધ્યાત્મ શાસ્ત્ર ચિંતન કરવા યોગ્ય છે અને અધ્યાત્મજ્ઞાનીઓએ તેનો અર્થ કોઇ યોગ્યને દેવો જોઇએ. દુનિયામાં અધ્યાત્મજ્ઞાન સમાન કોઇ હિતકારક અન્ય નથી. શ્રીમદ્ યશોવિજયજીને જ્ઞાન ઉપર અત્યંત રાગ હતો. દ્રવ્યાનુયોગમાં સદાકાલ તેમનું મનરમણ કરતું હતું. દ્રવ્યાનુયોગના ચિંતવનને તેઓ અન્તર ક્રિયામાનીને તેમાં રમણતા કરતા હતા. તેઓ જ્ઞાનની ઉત્તમતા સંબંધી જ્ઞાનીઓ કહેછેકે.

बाह्यक्रियाछेबाहिरयोग, अन्तरक्रियाद्रव्यअनुयोग
बाह्यहीनपणज्ञानविशाल, भलोकह्योमुनिउपदेशमाल

उपदेशमाला.

जोजाणइअरिहंते, दव्वगुणपज्जवेहिंय
सोजाणइअप्पाणं, मोहोखलुजाइतस्सलयं ॥ १ ॥ प्रवचनसारोद्धार ॥
चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्ससारं, णिच्छयसुद्धंनयाणंति—॥सम्मतितर्क ॥
अप्पनाणेणमुणीहोइ. नमुणीअरण्णवासेण ॥ उत्तराध्ययन ॥

# मनुष्यनी ऐक्यता अने अभेदता.

( લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ. કાપડીઆ. )

અમો ને તમો સમાજાતિ, અમો ને તમો સમાજ્ઞાતિ;
પશુ પંખી અમારાં છે, અમારાં તે તમારાં છે.

( શ્રીમદ્ બુદ્ધિસાગરજી. )

બંધુઓ આ ઉપરની કડીમાં કેવું સામર્થ્ય વિલસી રહ્યું છે ? કેવું આનંદ જનક અને પ્રેમ વર્ધક તત્ત્વ અંતર્ભવે છે ? કેવી ઉચ્ચ ભાવના છે ? કેવું ભવ સાગર પ્રવહન છે ? કેટલું શાંતિ પ્રદાન છે ? હવે આ ઉપર આપણે વિચાર કરીએ. આ કડી એમ સુચવે છે કે અમોને તમો સર્વે સમાન છીએ એટલે એકજ જ્ઞાતિના છીએ. અમારૂં જે સઘળું તે તમારૂં છે. તમારૂં તે હમારૂં છે. સર્વે જીવો પશુ પંખી આદિ અમારા પ્રાણ સમાન છે તેમ તમને પણ પ્રાણ સમાન છે. આ ગાથાનો જે સારાંશ છે તેતો સ્હેજ સમજી શકાય તેમ છે. હવે તે શી રીતે અને તે વિચારવું ઘણું આવશ્યક છે. કોઇ પ્રશ્ન કરે કે શું રાજાને રંક, સધન ને નિર્ધન, ઉંચ વર્ણને નીચ વર્ણ, અમીરને ફકીર, મોટા ને નાના, બ્રાહ્મણ ને મુસલમાન સરખા ? એક ઇંદ્રીવાળા જીવો, બે ઇંદ્રીવાળા, ત્રણ ઇંદ્રીવાળા, ચાર ઇંદ્રીવાળા, ને પાંચ ઇંદ્રીવાળા સૌ જીવો સરખા ? શું માણસ અને પશુ સરખાં ? વનસ્પતિને આપણે સરખાં ? આમ વિવિધ પ્રકારના પ્રશ્નો ભલે કરે પણ અમો તો બેધડક રીતે કહીએ છીએ કે આ દુનિયામાં સર્વે જીવો આપણા સરખાજ છે. સર્વેને સુખ દુઃખની લાગણીઓ સરખાજ છે. જ્ઞાનીઓ સર્વે જીવોને **आत्मवत् सर्वभूतेषु यः पश्यति सः पश्याति.** એ સુત્રથી દુનિયાના સર્વે જીવોને પોતાના સમાન ગણવાનું સુચવે છે. કોઇ પણ પ્રકારનો ભેદ કે અંતર રાખવાનું સુચવતા નથી પણ એકી અવાજે સર્વે જીવોપર ઐક્યતાજ રાખવાનું સુચવે છે. હવે આનું શું કારણ છે, તે આપણે વીચારીશું. આ બાબતમાં હિંદુ ફીલસુફીનો જ્ઞાતા સ્વામી **રામતીર્થ** પણ જડમાં જડ વસ્તુ વિષે બોલતાં એટલે સુધી આગળ વધીને કહે છે કેઃ—**આખી સમસ્ત દુનિયાજ તમારી છે. તમો તેની સાથે સરખા હક્કથીજ જોડાયેલા છો, જેને તમો ઐહિકમાં સર્વસ્વ ગણો છો તે તમારા એકલાનું નથી પણ સર્વેનું એકઠું થએલું તમો ભોગવો છો, તેમ સર્વેનું જે સઘળું છે તેમાં તમારો પણ સરખો હીસ્સો સમાયલો છે.** હવે આ કેમ બને, તેનું શું કારણ હશે તેનું હવે આપણે પ્રત્યાલોચન કરીએ. પ્રથમ આપણે જડ સબંધી વિચાર કરીશું એટલે **મનુષ્યોના શરીરની વનસ્પતિ સાથે સરખામણી કરીશું.** સર્વે કોઇ જેણે આરોગ્ય વિદ્યાનું અભ્યયન કરેલું છે તેઓ સારી રીતે જાણે છે કે મનુષ્યોનો ઓકસીજન અને ઝાડોનો કારબોનિક એસિડગેસ અનુક્રમે પ્રાણ રક્ષક વાયુ છે. હવે આપણે આનું અરસ્પરસ શી રીતે વિનિમય કરીએ છીએ તેનો વિચાર કરીએ. આપણે સર્વે વખત ઑકસીજન ગેસ લઇએ છીએ અને કારબોન બહાર કાઢીએ છીએ. જો આ ગેસ પાછો આપણે લઇએ તો મરી જઇએ. આમાટે **કલકત્તાના બ્લૅક હૉલનો** દાખલો

જાણીતો છે. ત્યારે આગેસ વનસ્પતિ લે છે અને વનસ્પતિ જે ઓક્સીજન કાઢે છે તે આપણે લઇએ છીએ. આમ આપણે બન્ને અરસ્પરસ બંધુત્વ ભાવે જોડાયલા છીએ અને બીજાં અન્ય પ્રાણીઓ પણ આપણા સાથે અરસ્પરસ પ્રાણ વાયુનો વિનિમય કરે છે. આ મુજબ પ્રાણવાયુ લેવામાં આપણે સર્વે અરસ્પરસ મદદ કરીએ છીએ. **હવે અન્નના સંબંધમાં વિચાર કરીશું તો** વૃક્ષો વિગેરે આપણા સરખાં માલમ પડશે કારણકે આપણે સર્વે અન્ન ખાઇએ છીએ, પોષક પોષક તત્વ આપણે ગ્રહણ કરીએ છીએ અને જે કચરો વિષ્ટા રૂપે બહાર કાઢીએ છીએ તેજ વિષ્ટાનું ખાતર બને છે અર્થાત્ તેમાંથી સત્વ વનસ્પતિ ચુશી લે છે અને તેનું પાછું અનાજ બને છે. આમ જો અરસ્પરસ ના બનતું હોત તો આ દુનિયા પણ ચાલવી કઠીણ થાય. વળી અન્ન લેવામાં પણ વનસ્પતિ કાયના જીવો સહચારી છે. તેમજ કુદરતી રીતે આપણને **પચાવ શક્તિની બક્ષીશ મળેલી છે તેવી બક્ષિશ અન્ય પ્રાણીઓને પણ મળેલી છે.** માટે તેમને આપણા બંધુ સમાન ગણવા જોઇએ. **વળી જો લાગણીના સબંધમાં જોવા જઇશું તો સર્વે મનુષ્યની લાગણીમાં પણ એકત્રપણું સંભવે છે.** જો તેમ ના હોત તો અમુક આદમી પોતાના જેવી લાગણી સંખ્યાબંધ મનુષ્યમાં ઉત્પન્ન કરી શક્ત નહિ. દાખલા તરીકે દરેક ધર્મના ફિરકા જોઇશું તો માલમ પડશે કે કોઇ ફિરકામાં પાંચ લાખ, કોઇમાં પચીસ લાખ, કોઇમાં કરોડની સંખ્યામાં અનુયાયી હોય છે. આ ઉપરથી માલમ પડશે કે તે જો તે ધર્મના સ્થાપક, અને અન્યજનો વચ્ચે એકત્વની સરખી લાગણીનો અભાવ હોત તો તેટલી સંખ્યામાં પોતાના મતાવલંબીઓ મેળવી શકત નહિ. આપણને જણાશે કે **જે આપણા શરીરમાંથી તંતુઓ, રજકણો નીકળે છે તેના બદલે આપણે પણ સર્વે જીવોમાંથી રજકણો અને તંતુઓ ગ્રહણ કરીએ છીએ.** દાખલા તરીકે ફુલોની સુગંધ આપણે શ્વાથી લેઇએ છીએ ? જો તેના સુગંધનાં રજકણો ઉછળતાં ના હોય તો આપણે કદી તેનો લાભ લઇ શકીએ નહિ, તેવી રીતે આપણામાંથી પણ ગંધનાં રજકણો છુટે છે. જો તેમ ના થતું હોત તો કુતરાઓ જે મનુષ્યનું પગલું સુંઘીસુંઘીને મનુષ્યને ખોળી કાઢે છે તે કદી સંભવી શકત ? અર્થાત્ કદી નહિં, હવે આપણે સર્વે જીવોની સાથે આપણા શરીરમાંથી નીકળતા રજકણો બીજા જીવો શી રીતે લે છે ને આપણે પણ શીરીતે ગ્રહણ કરીએ છીએ તે વિચારીએ. એ તો ખુલ્લુંજ છે કે કોઇ ચેપી રોગવાળો આપણી પાસે બેઠો હશે તો આપણે તેને તરત દુર ખસેડીશું. આનું કારણ શું તે આપણે વિચારીએ. તેનું કારણ એજકે વખતે તેના રોગના ચેપી જંતુઓ આપણને લાગે ને તેથી આપણે બિમાર થઇએ વળી જે વખતે પ્લેગ ચાલતો હોય છે તે વખતે આપણે તે ગામ છોડી બીજે ગામ જઇએ છીએ તેનું શું કારણ ? આથી સ્પષ્ટ સમજાય છે કે આપણે મનુષ્યો અરસ્પરસ સર્વે જીવ જંતુઓનો પણ બદલો કરીએ છીએ. જો કે આપણે અશક્તને મદદ કરવી જોઇએ, નીચા ને ઉંચા ચઢાવવા જોઇએ, માંદાની માવજત કરવી જોઇએ, ગરીબને સહાય કરવી જોઇએ, નિર્બલને સબળ કરવા જોઇએ, ગરીબને ધનવંત કરવા જોઇએ, દુઃખીને સુખી કરવા જોઇએ, કાયરને શુરવીર કરવા જોઇએ, નિરૂદ્યમીને ઉદ્યમવંત બનાવવા જોઇએ, અજ્ઞને સુજ્ઞ બનાવવા જોઇએ, એ આપણી દુનિયામાં પ્રથમમાં પ્રથમ ફરજ છે કારણકે આપણે ઉપર બતાવી ગયા કે સર્વે દુનિયાના

જીવો વડેજ આપણે આમુષ્મિક દુનિયાનાં કાર્યો કરી શકીએ છીએ માટે દુનિયાના સર્વે બંધુઓ આપણા ભ્રાતૃ સમાન છે તોપણ કહ્યા વિના ચાલતું નથી કે જે મનુષ્યો માંદા, અશક્ત, અજ્ઞ, અને નિર્બલ હોય છે તે પોતાની જાતને ભારે છે એટલુંજ નહિપણ આખી દુનિયાને ભારે છે માટે દરેક મનુષ્યોએ આત્માની અગાધ શક્તિ જાણી પ્રકૃતિનું વિલક્ષણ સ્વરૂપ આલેખી માંદા, અશક્ત કે નિર્બળ થવું જોઇએ નહિ કારણ જે મનુષ્ય માંદો હોય છે તે વખતે તેનામાંથી નબળાઇનાં રજકણો નીકળે છે અને દુનિયાના જીવોને તે થોડે ઘણે અંશે દુ:ખનું કારણ બને છે, તેમજ અજ્ઞાન દશાના વિચારના વમળમાં રમણ કરનારનાં તેવાં પરમાણુઓ વાતાવરણમાં ફેલાઇ રહે છે જેથી તેની બીજા મનુષ્યો ઉપર કંઇને કંઇ પણ અસર થાય છે. માટે દરેક મનુષ્યે કોઇ દિવસ પ્રકૃતિ નિયમ વિરૂદ્ધ કામ કરવું નહિ. જે લોકો કાયદો તોડે છે તેનેજ સરકાર દંડે છે તેમજ મનુષ્યો જે દુબળા, દુ:ખીઆ, નિર્ધન માલમ પડે છે તેનું કારણ એટલુંજ કે તેઓ પ્રકૃતિ નિયમ વિરૂદ્ધ કાર્ય કરે છે યા નહોતો કરેલું હોવું જોઇએ માટે ઐહિક દુનિયામાં સુખી જીવન ગાળનારે પ્રકૃતિના નિયમ જાણી માયિક વિષયોમાં પતંગીઆની પેઠે અંધ થઇ વિરૂદ્ધ આચરણ કરવું નહિ. આ મુજબ આપણે ઉપર બતાવી ગયા કે દરેક જીવો શરીર લાગણી વિગેરેમાં સરખા છે માટે સઘળાએ અરસપરસ બંધુત્વભાવે વર્તવું જોઇએ. હવે આપણે દરેક જીવોના આત્મા સંબંધી વિચાર કરીએ તોપણ આપણને માલમ પડશેકે સર્વે જીવોના આત્મા વ્યક્તિએ ભિન્ન છે પણ સત્તાએ સરખા છે માટે તેમના પણ આ દુનિયામાં આપણા સમાન હક છે. આપણા **વીરપરમાત્મા** કહે છે કે કીડીથી માંડીને કુંજર, મનુષ્યથી માંડીને દેવ ઇંદ્રાદિ વિગેરે સર્વે જીવોનો આત્મા સત્તાએ અનંત જ્ઞાન, અનંતદર્શન, અનંત ચારિત્ર, અને અનંત વીર્યથી ભરેલો છે. હવે આપણે તે સબંધી બીજો દાખલો લઇએ. આપણે સર્વે પુનર્જન્મને માનીએ છીએ તેથી કરી એમ પણ કહીએ છીએ કે આ જીવ ઘણી ગતીમાં રખડેલ છે. જે અત્યારે પિતા જોઇએ છીએ તેના કોઇ વખત આપણે પણ પિતા થયા હોઇશું. જે તીર્યંચો આપણે જોઇએ છીએ તેવા ભવ પણ આપણે કોઇ કોઇ વખત લીધા હશે. ઘણી જાતની યોનીઓમાં આ જીવે અવતાર ધારણ કર્યો હશે. આ ઉપરથી પણ સિદ્ધ થાય છે કે સર્વે જીવો આપણે સરખા છીએ. મરૂદેવી માતાનો જીવ પણ એક વખત કેળના ભવમાં હતો. આ ઉપરથી આપણને સ્પષ્ટ સમજાય છે કે જ્યારે સંસારની અપેક્ષાએ આપણે એક બીજી યોનીમાં જન્મ ધારણ કરવાના છીએ તો કોઇ પણ જીવને આપણે કેમ હલકો ગણવો જોઇએ ? શું સામાન્ય અવસ્થા વખતે ઝુંપડીમાં રહેતા ને સારી સ્થિતીએ હવેલીમાં રહેવા માંડયું એટલે શું તે ઝુંપડીને ધિક્કારવી ? શું મોટા વિદ્વાન્ થયા પછી એકડએક શિખવનાર ગુરૂનો તિરસ્કાર કરવો ? માટે બંધુઓ ! દરેક જીવો સાથે આપણે સમાન ભાવે વર્તવું જોઇએ, એક બીજાનું લીધા વિના કોઇ મોટું થતું નથી. આપણે વિચારી જુવો કે પૈસાદાર માણસો શી રીતે થાય છે. તેમના ઘરમાં અમુક માણસોના ઘરમાંથી પૈસો ના ગયો હોત અથવા વસુંધરાએ ( વનસ્પતિકાયના જીવોએ ) ધન ન આપ્યું હોત તો તે કદી પૈસાદાર થાત નહિ. તેમજ અર્થ શાસ્ત્રનો પણ એક એવો નિયમ છે કે " પૈસાદાર માણસનું ધન એ ગરીબોની મહેનતનું ફળ છે " આમ અરસપરસ એક બીજાની સહાય મળેથી માણસ ધનિક તેમજ મોટો થાય છે. માટે મોટાએ હમેશાં એમ વિચારવું જોઇએ

કે મારે સર્વે જીવોને મારાથી બનતી મદદ કરવી જોઇએ. આજે સઘળું જે મેં પુરૂષ પ્રયત્નથી એકઠું કરેલું છે તે સઘળું મારા બંધુઓ તરફથીજ મળેલું છે માટે મારૂં અમુક ધન મારા બંધુઓ માટે ખર્ચવુંજ જોઇએ પણ મારૂં મારૂં કરી મદના શિખરે ચઢી જવું જોઇએ નહિ તેમજ અભિમાની પણ થવું જોઇએ નહિ. દરેક પ્રસંગે લાગણી અને સહાનુભુતિ બદલાયા કરે છે તેથી માણસો દુઃખ અને કંગાલ સ્થિતિ ભોગવે છે માટે તેવે પ્રસંગે મોટાએ નાનાને પાળવા જોઇએ. ઉપર આપણે બતાવી ગયા કે દુનિયાના સર્વે જીવો અરસપરસ આપણને સહાયકારી છે માટે તે આપણા બંધુ સમાન છે તેથી સર્વેની ઉપર સમાન ભાવે અને કરૂણાની નજરે નિહાળવું જોઇએ. **વિદ્વાન ડાકટરો કહે છે કે સાત સાત વરસે પ્રત્યેક મનુષ્યનું આખું શરીર નવું બને છે.** હવે બંધુઓ આપણે વિચારીએ કે જે આપણે વૈભવ ભોગવવાનું મધ્ય બિંદુ છે, જે આપણા સુખનું સાધન એવું જે આ શરીર તે આપણે દુનિયાના બીજા જીવો કનેથી પેદા કરીએ છીએ તો પછી આપણે સ્વાર્થી એકલપેટા થવું યોગ્ય છે? બિચારા તિર્યંચો, વનસ્પતિકાયના જીવો વિગેરે તો સતત રીતે પોતાની ફરજ બજાવ્યાં કરે છે અને આપણને આપણા જીવનના ઉન્નતિ ક્રમમાં મદદ કરે છે તો તેનો આપણે પ્રત્યુપકારને બદલે મુંગા રહી તેમના તરફ અભાવ દર્શાવીએ એશું આપણને છાજતી વાત છે? કોઇ પણ સાધારણ અક્કલવાળો મનુષ્ય પણ કહી શકશે કે એ અન્યાય છે. શું આપણે તેમનાથી ચઢતા દરજ્જામાં આવ્યા એટલે આવી રીતની નબળાઇ દેખાડવી જોઇએ? તેમની અવગણના કરવી જોઇએ? આપણને ઘેર બેઠે કઈ કઈ ચીજો કેવા કેવા પ્રકારનો ઉપકાર કરે છે તે વિષે આપણા સાક્ષર મર્હુમ કવી ડાહ્યાભાઈ ધોળસાજીનું નીચલું કાવ્ય ઘણું ધ્યાન ખેંચવા લાયક છે.

> વિના વિનંતી વાદળ વરસે, હરદમ ઉગે ભાણુ બાળા—
>
> હરદમ ઉગે ભાણુ;
>
> સરવર ઢળતાં, તરવર ફળતાં, કોણુ કરે છે તાણુ બાળા—
>
> કોણુ કરે છે તાણુ;
>
> વીર વિક્રમ વિદેશ ભટકયા, શું લેવાને લ્હાણુ બાળા—
>
> શું લેવાને લ્હાણુ;
>
> પર ઉપકારીની બલિહારી, જીવ્યું તેનું પ્રમાણુ બાળા—
>
> જીવ્યું તેનું પ્રમાણુ.

માટે દરેક બંધુઓ એક બીજા પ્રત્યે પ્રેમ દ્રષ્ટિએ જુઓ અને એક બીજાને સહાયકારી થાઓ એવી આ લેખકના હૃદયની ઇચ્છા છે. જ્યારે આપણે એમ જાણીએ છીએ કે દુનિયાના સર્વે મનુષ્યો આપણા ભાઇ છે ત્યારે આપણને કેટલો બધો આનંદ થાય છે માટે દુનિયાના દુઃખી મનુષ્યોએ કોઇ પણ દહાડો દુઃખ ધરવું જોઇએ નહિ.

બંધુઓ! આખું જગત તમારૂં છે. લોકો ધન નહિ હોવાથી દુઃખી થાય છે, ચિંતા કરે છે. આ સબંધમાં **સ્વામી રામતીર્થ** શું કહે છે તે વિચારીએઃ—

**લોકોને બાગબગીચા ધન માલ દોલત ગાડી વાડીને લાડીનાં સુખ જો-**

**થાઓ ઘણાએ બનેલા છે. સુખેથી તેમાં જાવ, ફરો તે તમારા પોતાનાજ છે એમ માનો તેથી જેટલો સંતોષ ધનવાનોને પોતાની સંપત્તિથી થાય છે તેટલોજ તમને થશે. જે લોકો આ પોતાની માલમતા છે એમ માને છે તે શું ચાર આંખે જોઈ શકે છે ? જે પ્રકારે તમો તેનો અનુભવ કરો છો ને તેમાં તમને જેટલો આનંદ થાય છે તેથી શું અધિક આનંદ તેમને થાય છે ! બીલકુલ નહિ. તો પછી એવા એવા દુઃખદ વિચારો કરી આત્માને શા માટે દુભાવો છો. રામ કહે છે, એવા મુર્ખાઇ ભરેલા વિચારો છોડી દ્યો. જગતની સર્વ દોલત, બાગ બગીચા તમારા પોતાનાજ છે એમ માનો. આ કાંઈ પ્રકૃતિ વિરૂદ્ધ નથી.**

આ બાબત ઉપરના લેખનું બરોબર મનન કરવાથી વાચકવૃંદને વિશેષ ખાત્રી થશે. આ ઉપરથી સર્વે મનુષ્યો જોઇ શકશે કે કોઇએ કોઇ દહાડો દુઃખદ વિચાર ધરવા નહિ પણ હમેશાં સારા સારા વિચારો કરવા અને દરેક જીવો પ્રત્યે પ્રેમભાવ દાખવવો. કોઇના ઉપર દ્વેષ ભાવ, અરાગ કે અપ્રીતિ ધરવી નહિ તેમજ તિરસ્કાર કરવો નહિ. દરેક દરેક પ્રકૃતિના નિયમનુ ઉલ્લંઘન કરવા માટે સરખી રીતે જવાબદાર છે. આ જાગૃત અવસ્થામાં મનુષ્યો અરસ્પરસ એકત્ર છે તેમ સુસુપ્તિ અવસ્થામાં પણ મનુષ્યોની એકતા સંભવે છે. નિદ્રા કહો કે ઊંઘ, સર્વેને સમાન સપાટી ઉપર લાવનાર છે. રાજા કે રંક, પૈસાદાર કે ભીખારી, સર્વે નિંદ્રામાં તો સરખાજ છે. જાગૃત અવસ્થામાં ઉપર જણાવ્યા મુજબ તમારાં શરીર એક છે. મન લાગણીઓ એક છે માટે સુસુપ્તિ અવસ્થામાં પણ તેમજ સમજવું. હવે છેવટ પૂર્ણાહુતિ કરતાં કહેવાનું કે આપણે સ્વાર્થી થવું નહિ અને અરસ્પરસ સદા સર્વથા સર્વને સહાય કારી થવું જોઇએ. આજ આપણા પરમ પૂજ્ય યોગનિષ્ટ મહાત્મા બુદ્ધિસાગરજીએ ઉપલી કડીમાં બતાવ્યું છે. હવે જો આપણે સ્વાર્થ બુદ્ધિ કરીશું તો તેનાં આપણે કડવાં ફળ ચાખવાં પડશે. દાખલા તરીકે હાથ જે છે તે કામ કરે છે. માટે તે કહે કે ખોરાક મારેજ ખાવો. મારે શામાટે પેટને આપવો જોઇએ ? આપણે આ પ્રમાણે દલીલ કરીએ તો શું પરિણામ આવે તે વિચારવાનું છે પણ જ્યારે આ પ્રમાણે આપણને ખમવું પડે છે તો આપણે સર્વે જગતમાં ઐક્યતા અભેદતા નહી માની સ્વાર્થમાં મચ્યા રહીશું તો પ્રકૃતિના નિયમ પ્રમાણે આપણને પણ ખમવું પડશે. જ્યારે ઐક્યતાનું પૂર્ણ ભાન થશે ત્યારેજ ઉર્ધ્વ ગતિ થશે. દુઃખ ચિંતાથી દુર રહેવું હોય તો અભેદનો સાક્ષાત્કાર કરો અને તે પ્રમાણે જગતમાં વર્તો. જે મનુષ્યો આવી રીતનું વર્તન કરે છે તેજ ઉચ્ચ ગતિના યાતો સિદ્ધત્વના અધિકારી થાય છે.

# शहेर इजीप्तनुं अजायब जेवुं मृत शरीर.

## શાહજાદી અને તેનો તાડપત્ર ઉપરનો લેખ.

### ૩૦૦૦ વર્ષ ઉપરનો ઐશ્વર્ય જ્ઞાન સબંધી વિવાદ.

એડવોકેટ ઓફ ઇન્ડીઆના વન્ડરફુલ રેકોર્ડ ઉપરથી.

( અનુવાદ કર્તા શંકરલાલ ડાહ્યાભાઈ. કાપડીઆ. )

બ્રીટીશ મ્યુઝીઅમની અંદર જે સઘળો ઇજીપશીઅનના તાડ પત્રનો સુંદર જથો છે તેમાં ૩૦૦૦ વર્ષ ઉપરની નવા રાજ્યના વખતના ભભકાદાર **થીબનના** વર્ણનની મૃત શરીર સબંધી પુસ્તકની મીસીસ મેરી ગ્રીનફીલ્ડની બક્ષીશથી હાલ સુંદર શોભા વધી છે.

એની ન્યુ અને હેનીફરના તાડપત્રની અંદર આ જાતના કામના મ્યુઝીઅમમાં લગભગ ઘણા સુંદર દાખલાઓ છે પણ તેમાં છેવટનો વધારો આજ સુધી નહિ જણાયલા એવા વિદ્યાવિષયક નિબંધો સ્તોત્રો, બંદગીઓ અને સેવાઓથી થએલો છે. તે તાડપત્રની અંદર એક ઐતિહાસિક પુરાણી અગત્યની હકીકત મળી છે અને તેની તારીખની પણ ચોકસ રીતે ખાતરી થાય છે. આથી કરીને તેને અધીક અગત્ય આપવામાં આવે છે.

કેટલાક પસંદ કરેલા તાડપત્રના તાવો (કાગળો) પડદા ઉપર ગોઠવવામાં આવ્યા છે અને હાલ પણ તેઓ સેન્ટ્રલ ઇજીપશીઅન ગેલરીમાં પ્રદર્શનમાં છે. તે તાડપત્ર ૧૨ ૩ ફુટ લંબાઈ માં છે અને આશરે ૧૮ ઇંચ પહોળાઇમાં છે. જે તાડપત્ર સને ૧૮૭૧ થી ૧૮૮૧ ની વચમાં **ડીરએલબરી** આગળ રાજાઓનાં સુંદર મસાલાથી પુરેલાં પ્રેતોની છુપી જગામાંથી માલમ પડયું હતું. જે સ્ત્રીથી અગર જેને માટે તે તાડપત્ર લખાયું હતું તે સ્ત્રીનું નામ **નેશીટાનેટ અશેરૂ** હતું.તે સ્ત્રી અશેરને લગતી હતી અર્થાત્ **તેથીબસની** મુટ દેવી છે. તેણી છેવટ જે પાદરી રાજાઓ થયા એની એકવીશમી પેઢીએ જે રાજા હતો તેની દીકરી હતી અને રાજકુમારી હતી.

પાદરી રાણી **નસીએનસુકે** જે ધાર્મીક તેમજ વ્યવહારીક ઉચ્ચમાં ઉચ્ચ અધિકાર ધારણ કરતી હતી જેની સાઇડમાં (બાજુમાં) પેઇનેટ ચમ સેકન્ડ નામનો શખ્સ હતો, પેઇનેટ ચમ સેકન્ડ નેશીએનસુ અને તાડપત્રની રાણી નું મસાળા ભરેલું પ્રેત કૈરો શહેરના મ્યુઝીઅમવાળા રાજમહેલમાં જોવામાં આવે છે. આ બીના સત્ય છે અને હાલ વિવેચન થયેલા ડોકયુમેન્ટને સીધી રીતે મદદગાર ભુત છે. તે તાડપત્ર સુંદર રીતે લખાયલું છે. તેની અંદર લખાણ ઓછું તોપણ જે લખાણ છે તે ધર્માધિકારની સત્તાવાળું અને સ્પષ્ટ છે અને તેમાંના કેટલાંક પ્રકરણો ધર્માધિકાર સત્તાના લખાણમાં છે તેમજ કેટલાંક ચિત્ર પલ્લવી લીપીમાં છે.

# जाणवाजोग.

## શેઠ. ગોકલભાઇ મુલચંદ જૈન હોસ્ટલ, અને તેની સને ૧૯૧૨ ની સાલની યુનિવરસીટીની પરીક્ષાનું પરિણામ.

| પરીક્ષા. | બેઠેલાની સંખ્યા. | પાસની સંખ્યા. | રીમાર્ક. |
|---|---|---|---|
| પહેલી. એલ. એલ. બી. | ૧ | ૧ | |
| ઉહી બી. એ. | ૨ | ૨ | ( ૧ સેકન્ડ કલાસ. ) |
| ઇન્ટરમીડીએટ. | ૬ | ૪ | ૧ (સેકન્ડ કલાસ.) |
| પ્રીવીયસ. | ૨૩ | ૧૪ | ૩ ( સેકન્ડ કલાસ.) |
| મેટ્રીકયુલેસન. | ૩ | ૨ | |
| ઉહી. એલ. એમ. એન્ડ. એસ. | ૧ | ૦ | |
| એમ. બી. બી. એસ. પહેલું વરસ. | ૨ | ૨ | |
| | ૩૮ | ૨૫ | |

ઉપર મુજબ યુનિવરસીટીની જુદી જુદી પરીક્ષાઓનું પરિણામ લગભગ ૬૬ ટકા છે અને ઈંગ્રેજી ત્રીજા ધોરણથી છઠ્ઠા ધોરણ સુધી ભણનારા બોરડર કુલ સાત હતા તે સર્વે બધા વિષયોમાં પાસ થયા છે.

ઉપર પ્રમાણેનું આ વરસે શેઠ. ગોકળભાઇ મુલચંદ જૈન હોસ્ટલમાં ભણતા સ્ટુડન્ટો ની વાર્ષિક પરીક્ષાનું જે પરિણામ આવ્યું છે તે ખરેખર આપણને આનંદ ઉપજાવનારૂં અને પ્રસંસનીય છે. આ ઉપરથી આપણે એટલું તો ચોકસ રીતે કહી શકીશું કે તે તેના સુપ્રીન્ટેન્ડન્ટની સતત કાળજી અને પરિશ્રમનુંજ ફળ છે. આવી રીતનું આ સંસ્થાનું જો કોઇ પણ પ્રસંગે વાર્ષિક પરીક્ષાનું પરિણામ આવ્યું હોયતો તે આ પ્રથમજ છે. રા. રા. ચીમનભાઈ ગોકળદાસ આ સંસ્થાના સુપ્રીન્ટેન્ડન્ટ છે. તેઓએ એમ. એ. સુધીનો અભ્યાસ કરેલો છે. પરીક્ષાના પરિણામ અને જાત અનુભવથી અમારૂં એમ ચોકસ માનવું છે કે ભાઈ ચીમનલાલના ઉચ્ચ વર્તન અને વિદ્યાની તેમજ તેમના વેપારી મગજની હોસ્ટલમાં ભણતા સ્ટુડન્ટો ઉપર ઉત્તમ પ્રકારની છાપ પડયા વિના રહેશે નહી. શ્રીયુત શેઠ મણીભાઇ ગોકળભાઇ મુલચંદ કે જેઓ આ સંસ્થાના સ્થાપક છે, તેઓને અમો લાયક જગ્યામાં લાયક નરની નિમણુંક કરવાને માટે અભિવંદન આપીએ છીએ.

શ્રીયુત શેઠ મણીભાઇના મર્હુમ પિતાશ્રીએ શ્રી બનારસ યશોવિજયજી જૈન પાઠશાળાને રૂ. ૨૫૦૦૦) ની ઉદાર રકમ પાઠશાળાના મકાન માટે આપી હતી તેમજ પોતે પણ પોતાના પિતાશ્રીના પગલે ચાલી પિતાશ્રીની મુરાદ હૉસ્ટલની પાર પાડવા મુંબઇમાં રૂ. ૧૫૦૦૦૦દોઢ લાખના ખરચે એલફીસ્ટનરોડ ઉપર આ ભવ્ય બોર્ડીંગ બાંધી છે તેમજ પોતે નીભાવે પણ છે. અમદાવાદની બોર્ડિંગને પણ તેઓ સાહેબે રૂ. ૧૦૦૦)ની ઉદાર મદદ કરી બોર્ડીંગને આભારી કરી છે. આવી રીતે તેઓ સાહેબે કેળવણીના વિષયને ઉત્તેજન આપી જૈન સમાજમાં એક અનુપમ દાખલો બેસાડયો છે. જે સર્વ શ્રીમાનોએ અનુકરણ કરવા યોગ્ય છે. છેવટ આશા રાખીએ છીએ કે આ સંસ્થાની દિન પ્રતી દિન હરેક પ્રકારે અભિવૃદ્ધિ થાઓ અને શેઠ-શ્રીની ધારેલી મુરાદો પાર પડો એવું જોવા અમો અંતરથી ઉત્સુક છીએ.

## સંઘનું સંમેલન.

અત્રે માગસર વદી, ૫, ૬, ૭, શનિ, રવિ, સોમ, તા. ૨૮, ૨૯, ૩૦ નવેમ્બર સને ૧૯૧૨ ના રોજ હિંદુસ્તાનનો શ્રાવક સંપ્રદાયનો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના બંધારણ નિમિત્તે મેળાવડો કરવામાં આવ્યો હતો. આમાટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી શ્રાવકોની વસ્તીવાળા આખે દરેક ગામ અને શહેરના શ્રી સંઘ ઉપર આમંત્રણપત્રિકા મોકલવામાં આવી હતી તે ઉપરથી ઘણા ગામના આગેવાન સદ્ગૃહસ્થો અત્રે પધાર્યા હતા; આ મેળાવડો અત્રેના સુપ્રસિદ્ધ નગરશેઠ પ્રેમાભાઈ હેમાભાઇના વંડામાં કરવામાં આવ્યો હતો. બહાર ગામથી સુમારે ૧૦૦૦) સદ્ગૃહસ્થો પધાર્યા હતા. બહારના લોકોને કોઇ પણ પ્રકારની અડચણ પડે નહિ તેના માટે ઉતારા, ભોજન, વિગેરેની ઘણીજ સરસ રીતે સગવડ કરવામાં આવી હતી. સ્વાગત કમીટી ખાતે શા. ઉમેદભાઈ દલીચંદ, જમનાદાસ સવચંદ અને મોહનલાલભાઇ મગનભાઇ વકીલ વિગેરેની નીમણોક કરવામાં આવી હતી. મેળાવડાનું અધ્યક્ષ પદ નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇને આપવામાં આવ્યું હતું.

શરૂઆતમાં નામદાર વાઇસરોય લૉર્ડ હાર્ડીંગને દીલ્હી ખાતે કોઇ બદમાસે મારેલા બોમ્બના સંબંધ દિલગીરી જાહેર કરવાની દરખાસ્ત પ્રમુખ સાહેબે રજુ કરી હતી અને ત્યારબાદ સરદાર શેઠ લાલભાઇ દલપતભાઇ અને નગરશેઠ ચીમનભાઇ લાલભાઇના થએલા અત્યંત ખેદજનક મરણ સબંધી દીલગીરી દર્શાવનારી દરખાસ્તો મુકવામાં આવી હતી. ત્યારબાદ સભાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પેઢીના વહીવટ કર્તાઓ તરફથી સઘળો હિસાબ રજુ કરવામાં આવ્યો હતો. તેના હિસાબની ચોખવટ, અને તેને માટે કાર્ય વાહકોની રખાતી સતત્ કાળજી અને મહેનત જોઇ દરેક પધારેલા સદ્ગૃહસ્થો હેરત પામી ગયા હતા. આજ સુધી જે કેટલાક બંધુઓ આ પેઢીના હિસાબ વિગેરેની ચોખવટના સંબંધમાં શંકાની નજરે જોતા હતા તેમને પણ ઘણો આનંદ ઉપજ્યો હતો અને તેમની શંકાનું સમાધાન થયું હતું. તેની અંદર જે જે ઠરાવો રજુ કરવામાં આવ્યા તે સઘળા સર્વાનુમતે અને હર્ષથી પસાર કરવામાં આવ્યા છે. સભાનું કામ કાજ તેના નેતાઓએ ઘણીજ દુર અંદેશી વાપરી શાંતિથી અને વિઘ્ન રહિત પસાર કર્યું હતું. અમદાવાદ એ ગુજરાતનુ પાટનગર અને જૈન પુરી છે, તેમાં ઘણા ધનાઢયો તેમજ કેળવાયેલો વર્ગ છે તેના તાજરૂપ નગરશેઠ પ્રેમાભાઇ હેમાભાઇ વિગેરે નગરશેઠના વંશજોએ અને અત્રેના મેનેજીંગ કમેટીના મેમ્બરોએ તેમજ સ્થાનિક પ્રતિનીધીઓએ પેઢીની આજ સુધી સ્તુત્ય રીતે બજાવેલી સેવાને માટે પધારેલ દરેક ગામના આગેવાનોએ ઘણો હર્ષ જાહેર કર્યો હતો અને મુક્ત કંઠે તેમનાં વખાણ કર્યાં હતાં. તેમજ મેળાવડામાં થએલ કામકાજથી તેમજ તેમાં થએલ ઠરાવોથી સંતુષ્ટ પામ્યા હતા. છેવટે પરમાત્માપસાયે શ્રી સંઘનું કલ્યાણ થાઓ. તથાસ્તુ.

## વિહાર.

પરમ પૂજ્ય યોગનિષ્ટ મુનિ મહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી તા. ૧૦-૨-૧૩ના રોજ બપોરના ચાર વાગે અત્રેથી વિહાર કરી અત્રેના સુપ્રસિદ્ધ શેઠ. મણીભાઇ દલપતભાઇ તથા જગાભાઈ દલપતભાઇની મીલમાં એક રાત રહ્યા હતા. આ પ્રસંગે શ્રીયુત શેઠ. મણીભાઇએ તેમજ જગાભાઇએ મીલ ચલાવવી બંધ કરી હતી તેમજ મીલને ધ્વજા તોરણ—વાવટાથી શણગારવામાં આવી હતી. ત્યાંથી વિહાર કરી જે દિવસે તેઓશ્રી પાનસર આવ્યા તે પ્રસંગે અત્રેથી ઝવેરીવાડાના ઘણા માણસો તેમજ અન્ય કેટલાક બંધુઓ તેમને વાંદવા અર્થે ગયા હતા. તે પ્રસંગે શા. કકલદાસ ઉમેદચંદ તરફથી ત્યાં નવપદની પૂજા ભણાવવામાં આવી હતી તેમજ તેમના તરફથી સ્વામી વાત્સલ્ય જમાડવામાં આવ્યું હતું. મહારાજશ્રી બીજે દિવસે પાનસરથી વિહાર કરી માણસા થઇ વિજાપુર પધાર્યાં છે.

# दानवीर शेठ मनसुखभाइ भगुभाइनुं टुंक जीवन वृत्तांत.

( લેખક, શંકરલાલ ડાહ્યાભાઇ. કાપડીઆ. અમદાવાદ. )

જનની જણ તો ભક્ત જણ કાં દાતા કાં સુર,
નહીં તો રહેજે વાંઝણી મત ગુમાવીશ નુર:

આપણી જૈન કામના આભુષણ રૂપ શેઠ મનસુખભાઇ ભગુભાઇના દેવલોક પામ્યાથી આપણી કામમાં ઘણી ગમગીની ફેલાઇ રહી છે. આવા એક કામના આગેવાન શ્રીમંત શેઠનું સ્વર્ગ ગમન જોઇ કાને દીલગીરી નહીં થતી હોય? આ સ્થળે આલેખેલી તેમના જીવનની રૂપરેખા ઉપરથી દરેક જૈનબંધુ એકી અવાજે કહી શકશે કે તેમની જૈન કામમાં અવર્ણનીય ખોટ પડી છે. કાણુ જાણે આપણી જૈન કામ ઉપર હમણાનો કેવો ભારમગ્રહ બેઠો છે કે જેથી કરી આપણે આપણી કામનાં છત્ર છત્ર ગુમાવીએ છીએ. હમણાંજ આપણી કામના હીરા તુલ્ય શેઠ લાલભાઇ દલપતભાઇ, નગરશેઠ ચીમનભાઇ લાલભાઇ, તથા શેઠ મણીભાઇ જેશીંગભાઇ વિગેરેના દેહાવસાનથી આપણી કામને દીલગીરીનો ઘા રૂઝાયો નથી તેટલામાં તો આપણા આ રાજનગરના રત્ન શેઠ મનસુખભાઇનો દેહોત્સર્ગ થયો તે જોઇ કયા જૈન બંધુને દુઃખાશ્રુ આવ્યા વિના રહેશે?

બંધુઓ! મોટા પુરૂષોનાં જીવનચરિત્રોના અભ્યાસથી જે અપૂર્વ લાભ જન સમુહને થાય છે તે બીજી કોઇ પણ રીતે ભાગ્યેજ થતો હશે. તેમાંથી ઘણું ઘણું જાણવાનું, જોવાનું અનુભવવાનું અને શીખવાનું મળે છે. એક ઇંગ્રેજ કવિ કહે છે કેઃ—

Lives of great men still remind us,
we ean make our lives sublime,
and, departing, leave behind us,
footprints on the sands of time,
footprints, that perheps another,
Sailing O'er life's solemn main,
A forlorn shipwrecked brother,
seeing shall take heart again.

**ભાવાર્થ**:—સમગ્ર મોટા પુરૂષનાં જીવન આપણને સ્મરણ કરાવે છે કે આપણે આપણા જીવનને સુખમય કરી શકીએ અને આપણે આપણા મૃત્યુ પાછળ કાળની રેતીપર એવાં પગલાં મૂકી જઇએ અર્થાત્ એવા દાખલાઓ રાખી જઇશું કે તે જોઇ આ સંસારરૂપી ગંભીર મહાસાગરના પ્રવાસે નિકલેલ, ત્યજાયેલો અને ખરાબે અટકાયેલ બંધુ ફરીથી હિંમત ધારણ કરશે.

આથી સર્વ કોઇને સમજાશે કે મોટા પુરૂષોનાં જીવન ચરિત્રો ભવિષ્યની પ્રજાને બોધનીય અને અનુકરણીય થવામાં સહાયભુત થઇ શકે છે, તેવા ઉદ્દેશથી આ સ્થળે આપણી કામના આભુષણરૂપ શેઠ મનસુખભાઇના જીવનચરિત્રની રૂપરેખા આલેખવામાં આવી છે.

આ મર્હુમ શેઠનો જન્મ સંવત ૧૯૧૧ ની સાલમાં થયો હતો. તેઓ જ્ઞાતે વિશાપોરવાડ હતા. તેઓ આપણી સમાજના આભુષણરૂપ રાજરત્ન વસ્તુપાલ તેજપાળના વંશના

હતા. તેઓને એક ભ્રાતા છે જેમનું નામ શેઠ જમનાભાઇ છે જેઓ ધર્મનિષ્ઠ, શ્રદ્ધાળુ, દયાળુ પરોપકારશીલ અને ઉદાર વૃત્તિવાળા છે. તેમ શેઠ જમનાભાઇનાં પુણ્યશીલ ધર્મ પત્ની શેઠાણી માણેકબાઇ પણ વીનયશીલ, ધર્મશીલ અને ઘણાં સુશીલ છે તથા શેઠશ્રી મનસુખભાઇને એક પુત્ર રત્ન નામે શેઠ માણેકલાલભાઇ જેઓ આગળ ઉપર સારી આશા આપે એવા લાયક છે. અને જેઓની વય આશરે ૧૮વર્ષની છે તથા એક પુત્રીના પુત્ર નામે મણિભાઇ છે, જેઓની વય હાલ ૨૩ વર્ષની છે. શેઠ મનસુખભાઇ સ્વભાવે ઉદાર પરોપકારશીલ, તથા મીલનસાર સ્વભાવના હતા. તેઓની આ ઘણી મોટી શ્રીમંતાઇ છતાં પણ તેઓ ઘણા સાદા હતા. તેઓ દક્ષ તેમજ દયાળુ હતા. કોઇના દગાબાજી પ્રપંચને ભોગ થઇ શકે તેવા તે નહોતા. જે કોઇ તેમની પાસે મળવા વિગેરે ગયો હોય તેમના માટે સદાને માટે તેમનું રસોડું ખુલ્લુંજ હતું. દરરોજ પાંચ પચીસ આદમી તેમના રસોડે જમનાર હોય હોયને હોયજ, આવા પોતે ઉદાર દીલના અને વિનયશીલ હતા. તેમજ કોઇ આશ્રય લેવા ગયું હોય તેને યોગ્ય લાગે તો સારી મદદ કરતા હતા વેપારમાં ઘણા બાહોશ, કુનેહબાજ અને દીર્ઘ દર્શી હતા. અને તેઓ ચાર મીલોના માલીક હતા તેમજ બીજી કેટલીક મીલોના તેઓ ખાસ સલાહકાર હતા છતાં સર્વે કારોબાર પોતાની વ્યાપારી કુનેહથી એક સરખી રીતે ચલાવતા હતા. મુંબાઇની ક્ષોર્ડ રે મીલના પણ તેઓ માલીક હતા. આવો મોટો વેપાર ચલાવનાર આપણે અન્ય સ્થળે આપણી જૈન કામમાં ભાગ્યેજ જોઇશું. અમદાવાદ ગુજરાતનું પાટનગર ગણાય છે તેમાં કાપડ સુતરના ઉદ્યોગ માટે અમદાવાદે જે કીર્તિ સંપાદાન કરી છે તે મુખ્યત્વે કરીને આપણા આ મર્હુમ શેઠનેજ આભારી છે. શેઠની અમદાવાદ તેમજ મુંબઇમાં શરાફની પેઢીઓ ચાલે છે તેના ઉપર પણ તેઓ સારી દેખરેખ રાખતા હતા, આવા મોટા વેપારી અને શ્રીમંત હોવા છતાં તેઓ કોઇ પણ પ્રકારના ઇલ્કાબની કે માન અકરામની લાલસા રાખતા નહોતા, તેમનું જીવન કેવળ સાદાઇમાં જ વ્યતિત થતું હતું. આ લેખકને ટુંક અનુભવ ઉપરથી એવું જણાઇ આવ્યું છે કે શેઠશ્રીના, સાદાઇ, વિનય અને સભ્યતાના ગુણની ઉંડી અસર તેમના કુટુંબની વ્યક્તિઓ ઉપર થઇ હોય તેમ લાગે છે. તેઓ સતત્ ઉદ્યોગી તેમજ ગંભીર હૃદયના હતા. શેઠશ્રીએ પોતાના બાહુબળથી પોતાની દ્રવ્ય સંપત્તિમાં ઘણો વધારો કર્યો હતો કે જેથી તેઓ ક્રોડાધિપતિ કહેવાને **લાયક થયેલા છે.**

**શેઠ પ્રેમચંદ રાયચંદ** કે જેઓ નામાંકિત વેપારી તરીકે સમસ્ત ઇન્ડીઆમાં (હિંદુસ્તાનમાં) પ્રસિદ્ધિને પામેલા તથા **દાદાભાઇ નવરોજજી** કે જેઓ ખરા દેશભક્ત તરીકે સારી આલમમાં મશહુર છે, તેવા પ્રતાપી મહાપુરૂષોનો આપણા આ મર્હુમ શેઠને ઘણો સારો સંબંધ હતો. દરરોજ રહવારમાં ઉઠી સામાયિક કરતા તેમજ દેવ પૂજા, ગુરૂવંદન અને નવસ્મરણ, સઝિસરણાદિકનો પાઠ વિગેરે કરતા હતા. તેઓને જૈન ધર્મ ઉપર ઘણીજ આસ્થા હતી. શેઠના પિતા શેઠભગુભાઇ પણ ધર્મ કાર્ય કરવામાં નિરંતર તત્પર રહેતા હતા. તેઓએ અમદાવાદમાં રામજીમંદિરની પોળમાં દેરાસર બંધાવેલું છે; શ્રી શત્રુંજય ઉપર ઘેટીની પાગને રસ્તે એક કુંડ બંધાવ્યો છે અને બીજા પણ કેટલાક કુઉાનો જીર્ણોદ્ધાર કરાવેલ છે. શેઠ મનસુખભાઇના જન્મ વખતે ખુશાલીમાં શેઠ ભગુભાઇએ તેજ વર્ષમાં શ્રીસિદ્ધાચલજીનો સંઘ કાઢયો હતો અને ત્યાર પછી શ્રીસિદ્ધાચલની નવાણું યાત્રાનો લાભ લીધો હતો. શેઠ ભગુભાઇનાં વડીલોએ શ્રી શત્રુંજય તીર્થપર હાથીપોળ પાસે ચોમુખજીનું દેરાસર બંધાવેલું છે આથી કરી

આ કુટુંબમાં ધર્મનિષ્ઠતાનો વારસો પરમપરાએ ઉતરી આવેલ છે એમ કહેવું એ આ સ્થળે અપ્રાસંગિક નહીં કહી શકાય. તેમ શેઠશ્રીનાં માતુશ્રી બાઇ પ્રધાનબાઇ પણ ઉપવાસાદિક ઘણાં વ્રત કરતાં હતાં, તેમ તેમનામાં સમતા ગુણ પ્રશંસનીય હતો તેમજ દાન દેવાની વૃત્તિ પણ તીવ્ર હતી. સાધુ સાધ્વી પરત્વે ઘણીજ વૈયાવચ્ચ કરનારાં હતાં. આ સ્થળે કહ્યા વિના ચાલતું નથી કે આ તેમના શાસનપર અભિરૂચીના વિચારો આપણા આ મહુંમ શેઠમાં જાણે વારસા રૂપે ન ઉતરી આવ્યા હોય તેમ શેઠશ્રીના જીવનનો ધર્મ પ્રતિ કાર્યક્રમ અવલોકતાં તરત દિસી આવે છે. શેઠ મનસુખભાઇ આપણી માનવંતી શ્રી આણંદજી કલ્યાણજીના પેઢીના પ્રતિનીધી હતા. ભાવનગર છઠ્ઠી કૉન્ફરન્સના તેઓ પ્રમુખ હતા. આ વખતે એટલે પ્રમુખ પદે પોતે જે ભાષણ આપ્યું હતું તે ઘણું મનનનીય હતું. પોતે ભોયણી, સંખેશ્વરજી, અને સિદ્ધાચલજીના ભંડારોની સારી દેખરેખ રાખતા હતા તેમજ અત્રેની પાંજરાપોળનો તેઓ વહીવટ કરતા તથા ભોયણી શ્રીમલ્લીનાથજી મહારાજના કારખાનાની પણ પોતે દેખરેખ રાખતા હતા, આ ઉપરાંત ગીરનારજી તીર્થના કામમાં પણ તેઓ સારી ખંત રાખતા. હરેક વખતે ગાંઠના પૈસા ખરચીને તીર્થ નિમિત્તે રક્ષા કરવા જતા હતા. તેમજ જાતરા કરવા પણ પોતે ઘણી વખત જતા હતા અને તે વખતે પરોપકારાર્થે તેમજ ભક્તિ નિમિત્તે સારૂં ખર્ચ પણ કરતા હતા. કેટલાક રાજા રજવાડાઓમાં પણ તેમની પ્રતિષ્ઠા વિશેષ હતી. ભાવનગર કૉન્ફરન્સ વખતે ભાવનગરના દરબારે તેમની ઘણીજ સારી રીતે આગતા સ્વાગતા કરી હતી તેમજ કચ્છ તરફ જાતરાએ જતાં ત્યાંના રાજા રાહાએ પણ તેમનો ઘણો સારો આદર સત્કાર કર્યો હતો. તેઓને દેરાશરોના જીર્ણોદ્ધાર કરવા પરત્વે ઘણુંજ સારૂં લક્ષ હતું અને તે પોતાના વિચારોની પરિસમાપ્તિ અર્થે તેમણે કેટલાંક જીર્ણ મંદિરોના ઉદ્ધાર પણ કરાવ્યા છે. કલોલમાં પોતીકું દેરાસર તથા ધર્મશાળા બંધાવી છે તેમજ ત્યાં પ્રતિષ્ઠા નિમિત્તે શેઠે રૂ. ૨૫૦૦૦) ખરચ કર્યું હતું. અમદાવાદ ખાતે જીર્ણોદ્ધાર માટે તેમણે મુખ્ય રકમો આપેલી જાણવામાં આવી છે.

૨૭૦૦) મોઢેયા (મોરીયા) પાર્શ્વનાથના દેરાસરમાં.
૩૭૦૦૦) સંભવનાથજીના ભોંયરામાં.
૬૮૦૦૦) ચિંતામણજી પાર્શ્વનાથના ચૈત્યમાં.
૬૫૦૦) કાળુશંગની પોળના દેરાસરમાં.
૫૦૦૦) ચંપોળના દેરાસરમાં.
૩૦૦૦) ચોમુખજીના દેરાસરમાં.
૨૦૦૦) અજીત નાથજીના દેરાસરમાં.

આ સિવાય રાજપરના દેરાસરમાં પણ મોટી રકમ આપી છે. શ્રી કુંભારીઆજી તીર્થે ધર્મશાળામાં રૂ. ૧૦૦૦૦) લગભગ ખર્ચ કર્યો છે. બીજે સ્થળોએ પણ ધર્મશાળાઓને ઉપાશ્રય માટે નાની મોટી કેટલીક રકમો આપી છે. શ્રી શત્રુંજયની રખોપાની ટીપ વખતે રૂ. ૧૦૦૦૦) તેમણે આપ્યા હતા. અમદાવાદની પાંચમી જૈન કૉન્ફરન્સ મળી ત્યારે તેઓ સાહેબે નીચે મુજબ સખાવત કરી હતી.

૫૦૦૦૦) પોતાના પિતાશ્રીના નામથી કેળવણી ખાતે આપવા કહ્યા હતા. તેને અંગે હાલમાં ઉપર બતાવ્યા મુજબ જૈન જ્ઞાનવર્ધક શાળા ચાલે છે.

૫૦૦૦૦) પોતાની માતુશ્રી પ્રધાનબાઇના નામથી સ્ત્રીવર્ગને ધાર્મિક કેળવણી આપવા માટે કહ્યા હતા.

૫૦૦૦૦) શેઠ જમનાભાઇના પ્રથમના પત્નીના નામથી જીર્ણ પુસ્તકોદ્ધારમાં આપવાના કહ્યા હતા. આ રકમમાંથી નીચે જણાવેલા ગ્રંથો હાલ બહાર પડી ચુકયા છે.

સિદ્ધ હેમચંદ્ર વ્યાકરણ બૃહદ્‌વૃત્તિ ન્યાય સહિત.

| | |
|---|---|
| ખંડખાદ્ય | ન્યાયા લોક. |
| પ્રમા લક્ષણ | પ્રમાણ મિમાંસા |
| ભાષા રહસ્ય | અનેકાંત જય પતાકા. |
| સ્યાદ્વાદ રહસ્ય | હરિભદ્રી અષ્ટક–સટીક. |

આ સિવાય હાલમાં તત્વાર્થ વૃત્તિ અને સ્યાદ્વાદ રત્નાકર છપાય છે. આ પુસ્તકો વગર કિંમતે સાધુ સાધ્વી વિગેરેને તેમજ પુસ્તક ભંડાર માટે ભેટ આપવામાં આવે છે.

૨૦૦૦૦) પાંચમી કૉન્ફરન્સના પ્રમુખ બાબુ સાહેબ સિતાબચંદજી નહારે સ્થાપેલા જૈન મદદ ફંડમાં આપ્યા હતા. પંચતીર્થની યાત્રા વખતે ભદ્રેશ્વરમાં, અંજારમાં, અને ઉનામાં ધર્મશાળા, ઉપાશ્રય અને દેરાસર વિગેરેમાં સુમારે સાત આઠ હજાર રૂપીઆ આપ્યા હતા.

સાધુજી મહારાજોને તથા સાધ્વીજીને વસ્ત્ર પાત્રાદિક વહોરાવી સારી વૈયાવચ્ચ કર્તા હતા અને ઘણી ખરી વખત અષ્ટોતરી સ્નાત્ર ભણાવતા હતા ભોયણીની અંદર મલ્લીનાથજી ભગવાનની સ્થાપનાના દિવસે તેઓ તરફથી સંઘ જમાડવામાં આવે છે. તેઓ ઘણી વખતે ગુપ્તદાન દેતા હતા, તેમણે અમદાવાદમાં એક મફત દવાખાતું ખોલ્યું છે જેનું વાર્ષિક ખર્ચ સુમારે રૂ. ૧૦૦૦૦) નું છે. સરાસરી ૫૦૦ માણસો, દરરોજ તે દવાખાનાનો લાભ લે છે. અને એક પ્રાથમિક તથા એન્ગલો વર્નાકયુર જૈન સ્કુલ ખોલી છે. તેમજ સંવત ૧૯૫૬ ના ભયંકર દુષ્કાળ વખતે રૂ. ૩૫૦૦૦) ની ઉદાર મદદ પાંજરાપોળને કરી હતી, તેમજ તેનું ફંડ ઉઘરાવવામાં અથાક પરિશ્રમ લેઇ જાત મહેનત કરી ઘણાં મરતાં ઢોર બચાવ્યાં હતાં. તેમજ અડસઠના દુષ્કાળ પ્રસંગે પાંજરા પોળને રૂ. ૨૫૦૦૦) આપ્યા હતા ને ઘણી જાત મહેનતનો ભોગ આપ્યો હતો. દુષ્કાળવખતે કાઠીઆવાડમાં સીઝાતા સ્વામી ભાઇઓને તેઓએ સારી મદદ કરી હતી, ભાવનગર ખાતે કોન્ફરન્સ મળી તે વખતે તેમણે એક લાખ રૂપીઆની સખાવત પોતા તરફથી જાહેર કરી હતી. ભાવનગરની બોર્ડીંગને તેઓએ રૂ. ૨૫૦૦૦) ની ઉદાર મદદ આપી હતી. ટેમલાની પોળમાં તેઓએ એક સ્ત્રી શાળા ખોલી છે. દાનવીર શેઠ મનસુખભાઇ ગુજરી જતાં તેમની યાદગીરી કાયમ રાખવા જે ફંડ થયું છે તેમાં તેમના ભાઇ શેઠ જમનાભાઇએ પોતા તરફથી રૂ. ૭૫૦૦૦) આપવા જાહેર કર્યું છે. આ રકમ હજુ વધવાની છે એમ આશા રાખવામાં આવે છે આ રકમમાંથી ક્ષયરોગીઓને રોગથી ઉદ્ધરવા માટે સેનેટરીઅમ બંધાવાતું છે. છાપરીયાલીના ખોડા ઢોરને માથે જે દેવું હતું તે પણ શેઠ જમનાભાઇએ આશરે રૂ. ૭૫૦૦૦) આપી તે ખાતાને ઋણમાંથી મુક્ત કર્યું છે. રૂ ૨૫૦૦૦) સેરથા ગામમાં શેઠ જમનાભાઇએ જીન મંદિર કરવા માટે આપ્યા છે. શેઠ મનસુખભાઈ જેવી રીતે પોતે કમાયા છે તેવીજ રીતે છુટે હાથે ખરચ્યા ગયા છે. શેઠમનસુખભાઇની માફક તેમના ભાઇ શેઠ જમનાભાઇની પણ આવી જાતની ઉદાર સખાવતો જોઇ તેમના વિષે જૈનોના હિતાર્થે ભવિષ્યમાં સારી આ ગાહી રાખવામાં આવે છે અને જૈન કોમને તેઓશ્રી પણ પોતાના જ્યેષ્ટ બંધુની માફક એક સ્તંભ તુલ્ય થશે એવી આશા છે. તેઓની લગભગ જીંદગી પર્યંતમાં તેઓએ ૨૦ લાખ રૂપીઆની જાહેર અને ગુપ્ત રીતે સખાવત કર્યાનું કહેવાય છે. આ સખી શેઠ સંવત ૧૯૬૯ ના માગસર વદી ૧૨ ને સનીવાર

ના દિવસે કાળ ધર્મ પામ્યા છે. જેઓના મરણની દીલગીરી દર્શાવવા અત્રે શહેરમાં હડતાલ પડી હતી તેમજ ભાવનગર, કપડવણજ વિગેરે બીજા કેટલાક ગામોમાં જૈન વર્ગમાં પાખી પાલવામાં આવી હતી. અત્રેના સમસ્ત શહેરીઓની તેઓના મરણની દીલગીરી દર્શાવવા શેઠ પ્રેમાભાઇ હૉલમાં મીટીંગ મળી હતી.

જેની અંદર તેમનું મેમોરીઅલ કરવા માટે સારૂં ફંડ એકઠું થયું હતું. તેમના મરણથી આપણી જૈન કોમે એક ઉદાર જગડુશા અમદાવાદે એક આગેવાન શહેરી અને આપણી ગુર્જર ભૂમિએ એક મોટો બાહોશ કુનેહબાજ વ્યાપારી ગુમાવ્યો છે. છેવટ તેમના અમર આત્માને શાંતિ મળો અને તેમના કુટુંબને દિલાસો મળો એવું અંતરથી ઇચ્છી વીરમું છું.

---

# *સમાચાર.

કપડવણજમાં તા. ૧૫ જાનેવારીના રોજ અંતીસરીઆ દરવાજે શેઠાણી જડાવ બ્હેનના મકાનમાં દીલ્હીમાં નામદાર વાઇસરૉય લૉર્ડહારડીંગ ઉપર તા. ૨૩-૧૨-૧૨ ના રોજ થયલા હીચકારા હુમલા તરફ પોતાનો ધિક્કાર અને તિરસ્કારની લાગણી પ્રદર્શીત કરવા કપડવણજ તાલુકા ને શહેરની તમામ કોમની બાનુઓની એક મોટી ગંજાવર મીટીંગ મળી હતી. શરૂઆતમાં શ્રીમતી બ્હેન શાન્તા ગૌરીએ દરખાસ્ત કરી કે આ સભાનું પ્રમુખપદ અત્રેનાં સુપ્રસિદ્ધ શેઠાણી જડાવ બ્હેન સ્વીકારી આભારી કરશે. આદરખાસ્તને શ્રીમતી માણેક બ્હેને ટેકો આપવાથી શેઠાણી જડાવ બ્હેને સભાનું અધ્યક્ષપદ સ્વીકાર્યું હતું. ત્યારબાદ સભાનું કામ કાજ શરૂ કરવામાં આવ્યું હતું. ત્યાંની કન્યાશાળાનાં હેડમીસટ્રેસ રૂક્ષમણી બાઇએ શરૂઆતમાં સભાનો ઉદ્દેશ જણાવ્યો હતો ત્યારબાદ તેમણે જણાવ્યું જે આપણા નામદાર વાઇસરૉય આપણા પુરાતન દીલ્હી શહેરને પાયતખ્ત તરીકેની શુભ ક્રિયા કરવાને પધાર્યા હતા તે વખતે સરઘસ પ્રસંગે કોઇ હિચકારાએ નામદાર વાઇસરૉયને બૉમ્બ માર્યો જેથી તેમને જખમ પડયો હતો અને તેમનાં બાનુ સાહેબ તદન સહીસલામત બચી ગયાં હતાં. આ અધમ હત્યારા કૃત્યને માટે હું ધિક્કાર જાહેર કરૂં છું તથા નામદારનાં જે બાનુસાહેબ પ્રભુકૃપાએ સહી સલામત બચી ગયાં છે તેમના માટે પ્રભુ પ્રાર્થના કરૂં છું. આ પ્રસંગે તેમણે, નામદાર વાઇસરૉયે જે ધૈર્ય અને સહનશીલતા બતાવ્યાં હતાં તેમજ નામદારનાં બાનુસાહેબે જે સ્વામી ભક્તિ અને સમય સુચકતા બતાવી હતી તેનાં મુક્ત કંઠે વખાણ કર્યાં હતાં. આ સિવાય દીલ્હી તેમજ કલકત્તાની પુરાતન કાળની જાહોજલાલીનું તેમણે વર્ણન કર્યું હતું જે સ્થળ સંકોચને લીધે અત્રે પ્રકટ કર્યું નથી. ત્યારબાદ શ્રીમતી બ્હેન શાન્તા ગૌરીએ તેમજ કેટલીક અન્ય બ્હેનોએ પ્રસ્તુત વિષયને લગતું કેટલુંક વિવેચન કરી હત્યારા કાર્ય કરનાર પરત્વે ધિક્કાર દર્શાવ્યો હતો અને નામદાર વાઇસરૉય તથા તેમની બાનુની મુબારક બાદી ઇચ્છી હતી. છેવટ પ્રમુખનાં દિકરી બ્હેન ચંપા બ્હેને જણાવ્યું જે બ્હેનો, આપણા કપડવણજમાં બાનુઓની આ પ્રથમજ મીટીંગ છે તેમાં ઘણી સંખ્યામાં બાનુઓએ હાજરી આપેલી જોઇ મને અધિક આનંદ થાય છે. સભામાં પધારેલ સર્વે બાનુઓને ઉદ્દેશીને તેમણે કહ્યું કે બ્હેનો તમોએ જે મારી માતુશ્રીને માનવંતુ આજની સભાનું અધ્યક્ષપદ આપ્યું છે તેના માટે હું મારો હર્ષ જાહેર કરૂં છું અને મારી માતુશ્રીની વતી આપ સર્વેનો આભાર માનું છું. પછી તેમણે કેટલુંક પ્રસ્તુત વિષયને લગતું વિવેચન કર્યું હતું અને નામદાર વાઇસરૉય પ્રત્યે અદમાસ કામ કરનાર પરત્વે તિરસ્કારની લાગણી દર્શાવી હતી તથા તેમને જલદી મટો અને

પ્રભુ પ્રસાયે તેઓ ભવિષ્યમાં સુખ શાંતિમાં રહો એવું ઇચ્છયું હતું. ત્યારબાદ સર્વાનુમતે એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો કે આપણા નામદાર વાઇસરોય પ્રત્યે જે હલકટ કામ થયું છે તેના પ્રત્યે આ સભા અંતરથી પોતાની તિરસ્કારની લાગણી પ્રદર્શિત કરે છે અને નામદાર વાઇસરોય તથા તેમનાં બાનુની સદા સહી સલામતી અને મુબારક બાદી ઇચ્છે છે એવી મતલબનો નામદાર વાઇસરોયને તાર કરવો" ત્યારબાદ પ્રમુખનો ઉપકાર માની સભા બરખાસ્ત થઇ હતી.

---

*રાજ્ય ભક્તિ એ પ્રજાના સુખનું કેન્દ્રસ્થાન અને રાજ્યને શોભાવનારૂં ચિન્હ છે એ સર્વે કોઇ એકી અવાજે કહી શકશે, રાજ્ય ભક્તિના અંગે અમોને જણાવતાં અતિ આનંદ થાય છે કે જે અત્યાર સુધી આપણા હિંદુસ્તાનમાં પુરૂષ વર્ગ રાજ્યભક્તિમાં ભાગ લેતો આવ્યો છે પરંતુ હવે તો આપણા મહીલા વર્ગે પણ તેમાં ભાગ લેવો શરૂ કર્યો છે એ દેશના અભ્યુદય સુચક પગલું છે.

ઉપર મુજબ મુંબાઈ, અમદાવાદ, ખેડા, વિગેરે મુખ્ય મુખ્ય સ્થળોએ આપણા નામદાર વાઇસરોયની પ્રત્યે બદનક્ષી ભરેલું, હત્યારૂ કૃત્ય કરનાર તરફ તિરસ્કારની લાગણી દર્શાવવા સ્ત્રીઓની મીટીંગો મળી હતી. અમો પણ તેવા હિચકારા અધમ કૃત કરનાર તરફ તિરસ્કારની લાગણી દર્શાવીએ છીએ અને આપણા નામદાર વાઇસરોયનો તથા તેમના કુટુંબનો દરેક રીતે અભ્યુદય ઇચ્છીએ છીએ. અત્યારે જે આપણો સ્ત્રી વર્ગ રાજ્ય ભક્તિ સબંધી અજ્ઞ છે તે વર્ગમાં જો રાજ્ય ભક્તિનું બીજ રોપાશે તો દિવસે દિવસે આપણી પ્રજા રાજ્ય ભક્તિમાં ઉંચ પંક્તીએ બિરાજશે. સ્ત્રીઓ એ પુત્રોની માતા છે. સંતતીનૂં પ્રભવ સ્થાન છે. તેમના વિચારનો વારસો તેમની પ્રજાને મળવાનો છે માટે જેમ બને તેમ તેમનામાં રાજ્ય ભક્તિનું બીજ વાવવું જોઇએ અને જ્ઞાન વારીથી તેનું સિંચન કરવું જોઇએ. **શેઠાણી બાઈ જડાવ** એ જ્ઞાતિએ જૈન અને કપડવણંજના નગર શેઠ સામળભાઇ નથુભાઇના મહુંમ ચિ. શ્રીયુત શેઠ મણીભાઇનાં પત્ની છે. તેમનું આ પગલું અમો ઘણું સ્તુત્ય ગણીએ છીએ.

અમે ઇચ્છીએ છીએ કે આવું દેશને એબ લગાડનારૂં, હિચકારૂ અને ધિક્કાર પાત્ર કાર્ય કદિ બનો નહિ અને સદા સર્વથા રાજ્યમાં સુલેહ શાંતિનું સામ્રાજ્ય છવાઇ રહો અને આપણા પ્રતાપી બ્રીટીશ શહેનશાહ પંચમ જ્યોર્જ તથા મહારાણી મેરી દિનપ્રતિદિન અભ્યુદય શાળી થાઓ એવું અંતઃકરણથી જોવા ઉત્સુક છીએ અને પ્રશંગ વશાત્ અમો અમારી જૈન બ્હેનોને રાજ્ય વફાદારીના કામમાં મુખ્ય ભાગ લેવાનું સુચવીએ છીએ.

## યોગનિષ્ઠ મુનિમહારાજ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સંસ્કૃત પાઠશાળા.

આ નામની પાઠશાળા અત્રે ઝવેરીવાડે આંબલી પોળના ઊપાશ્રયમાં ખોલવામાં આવી છે જેની અંદર લગભગ ૪૦ વિદ્યાર્થીઓ લાભ લે છે. આ પાઠશાળાની અંદર સ્કુલોમાં ભણતા ઘણાખરા વિદ્યાર્થીઓ લાભ લેછે અને જે આ પાઠશાળા હસ્તિમાં આવી છે તેનું મુળ કારણ પણ સંસ્કૃત જેવા ગહન વિષયમાં વિદ્યાર્થીઓને સહાય આપવાનુંજ છે. તેનો ટાઇમ પણ વિદ્યાર્થીઓને સારી રીતે સગવડ પડે તેવો રાખવામાં આવ્યો છે. આ પાઠશાળામાં માસ્તર હીંમતલાલ મગનલાલ પોતાના અમુલ્ય વખતનો ભોગ આપી વિદ્યાર્થીઓને વિના પગારે—મફત ભણાવે છે. આવા પ્રકારની તેમની પોતાના સ્વધર્મી બંધુઓ પ્રત્યેની પ્રેમ અને ખંતની લાગણી જોઇ અમો

તેમને ધન્યવાદ આપીએ છીએ. વલી તેઓ સંસ્કૃત વિષયમાં વિદ્યાર્થીઓને મદદ કર્યા ઉપરાંત ધાર્મિક જ્ઞાન પણ આપે છે. માસ્તર હીંમતલાલ સિવાય બીજા બે માસ્તરો પગારથી રાખવામાં આવેલ છે. આવી જાતની પાઠશાળાની અત્રે ઘણીજ આવશ્યક્તા હતી અને તે હાલમાં હસ્તિમાં આવેલી જોઇ અમોને ઘણો આનંદ થાય છે. આ પાઠશાળાને અંગે માસ્તરોનો પગાર, દિવાબત્તી વિગેરેનું ખર્ચ નિભાવવા માટે કેટલાક મેમ્બરો નિમાયા છે જેઓ દરેકે બાર બાર મહીને આ પાઠશાળાને રૂ. ૫) આપવાનું કહ્યું છે, મુંબાઇમાં મોતીના કાંટા તરફથી પણ યોગ્ય મદદ આપવાનું સુચવ્યું છે. અમો આશા રાખીએ છીએ કે આપણો કેળવણીની હીમાયત કરનાર વર્ગ આ સંસ્થાના મેમ્બર થઇ પાઠશાળાને આભારી કરશે. તેનાથી થતો લાભ, થતું કામકાજ જોવાને માટે અમો દરેક બંધુઓને ભલામણ કરીએ છીએ. આ પાઠશાળામાં થતું કામકાજ જોતાં અમોને કહ્યા વિના ચાલતું નથી કે તે જો આવીને આવી રીતે ભવિષ્યમાં ચાલ્યા કરશે તો ભવિષ્યમાં તેનું ઘણુંજ સંતોષકારક પરિણામ અનુભવાશે. સંસ્કૃત અને ધાર્મિક અભ્યાસ સિવાય અત્રે ભણનાર વિદ્યાર્થીઓને વકૃત્વ કળા શિખવવાનો પણ લાભ આપવામાં આવે છે.

આશા છે કે આ પાઠશાળાને દરેક રીતે આપણી જૈન કોમ મદદ કરશે.

---

આપણા મર્હુમ સરદાર શેઠ. લાલભાઇ દલપતભાઇ તથા મણીભાઇ દલપતભાઇ તથા જગાભાઇ દલપતભાઇનાં માતુશ્રી **શેઠાણી ગંગાબાઈએ** અત્રે ઝવેરીવાડે પોસ વદી ૫ વાર સોમના દિવસે આદીશ્વર ભગવાનનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે.

---

આપણું નવું યાત્રાનું તીર્થ સ્થળ—પાનસરનું દેરાસર નવું કરાવવાનો આરંભ પોસ વદી ૧ થી શરૂ કરવામાં આવ્યો છે. આ તીર્થના રક્ષણાર્થે કમીટી નીમાઇ છે. જેના પ્રમુખ શ્રીયુત શેઠ મણીભાઇ દલપતભાઇ છે જેઓ આપણા મર્હુમ સરદાર શેઠ લાલભાઇ દલપતભાઇના બાંધવ છે. આ સ્થળે અમારે પ્રસંગવશાત્ કહેવું પડે છે કે જેવી રીતે શેઠ. લાલભાઇએ અડગ રીતે જૈન કોમની સેવા બજાવી છે તેનું અનુકરણ કરી શેઠ મણીભાઇ પણ જૈન કોમને આભારી કરશે એવું અંતઃકરણથી જોવા ઉત્સુક છીએ.

---

# સ્વાત્મ પરીક્ષાની અગત્ય

( લખનાર—મી. માવજી દામજી શાહ. પી. પી. જૈન હાઇસ્કુલ. )

એક વસ્તુમાં કેટલું સામર્થ્ય સમાયલું છે. તેની કસોટી કરવામાટે હમેશાં પરીક્ષાની અગત્ય લેખવામાં આવે છે. જ્યાંસુધી અંદરનાં તત્વોની કસોટી કરવામાં ન આવી હોય ત્યાંસુધી તદનંતર્ગત સત્યાસત્ય કળીશકાતાં નથી, પરીક્ષા—કસોટી એ સમાન અર્થ—સુચક શબ્દો છે. શક્તિનું અજ્ઞાન પણું હોય ત્યારેજ કસોટી થતી જાવામાં આવે છે' સુવર્ણ ઉચ્ચ પ્રકારનું હોય તો તુરત તે કસોટી તેનો ઉત્તર આપે છે અને હલકી જાતનું હોય તોપણ તુરત બતાવી આપે છે. જેઓ સદામાટે કર્તવ્યનિષ્ઠ ખંતીલા અને ઉદ્યોગી હોય છે તેનેમાટે કસોટી કરવી તે તદન અનુચિત છે પરંતુ જેઓ પૂર્વોક્ત ગુણોએ ન્યુન હોય અથવા રહિત હોય તેવા માટેજ કસોટી ખરેખરી ફલ સાધક ગણાય છે. દરેક વસ્તુઓની પરીક્ષા સૃષ્ટિમાં

થતી જોવામાં આવે છે. વસ્તુતઃ વસ્તુ બે પ્રકારે છે. બાહ્ય અને અભ્યંતર. બાહ્ય પરીક્ષા કરવામાટે કંઇ પણ સમય લાગતો નથી. તરત આકૃતિ દર્શાવી આપે છે. પરીક્ષા લઇ આપે છે પરંતુ અંતર દર્શન—આત્મ પરીક્ષા કર્યા વગરના અહિંથી તહિં ચોમેર ભટકતા મનુષ્યો આપણને જોવામાં આવે છે. આત્મ પરીક્ષાને માટે ઘણાં શાસ્ત્રોનું રહસ્ય જાણવું જોઇએ. અનેક ગ્રંથોનું પરિશીલન કરવું જોઇએ એટલુંજ નહિં પણ કદાચ પ્રાણાહુતિ આપવી પડે તોપણ શંકાશીલ થવાનું પ્રયોજન નથી કારણ કે આ માર્ગનું અવલંબન લીધા સિવાય કોઇ રીતે આત્મ સિદ્ધિ થઇ શકવાની નથી. કોઇ રીતે આર્થિક, સામાજીક, ધાર્મિક, સાંસારીક, વ્યવહારિક, નૈતિક વગેરે વગેરે વિવિધ ઉન્નતિઓ થવી તદન અસંભવિતજ છે. જે જનો ! આત્મ કસોટી અર્થાત્ આત્મ શ્રદ્ધા પરકૂદી પડયા હોય છે તેઓજ સૃષ્ટિમાં પોતાની અખંડ નામના મેળવે છે. તેઓજ પોતાનો સુયશ દિગંત મંડળમાં પ્રસરાવે છે અને તેઓજ ભારત વર્ષમાં નહિ પરંતુ સમગ્ર દેશોના હીરા તરીકે એકવાર અનન્ય ખ્યાતિમાં આવવા પામે છે.

આ આત્મ શ્રધામાટે આપણા મહાન્ ધર્મ ગુરૂઓ—જૈનાચાર્યોનાં જીવન આપણે જાણવાની પૂર્ણ અગત્ય છે. મહાત્માઓનાં—મહાપુરૂષોનાં ચરિત્રોમાં જે ઉદાત્ત અને ઉત્તમોત્તમ ચારિત્ર સ્પષ્ટ જણાઇ આવતું તેનું મુખ્ય કારણ તેઓમાં આત્મ શ્રદ્ધાનું પૂર પૂરવેગમાં ગતિમાન્ વહેતું હતું. હેમચંદ્રસૂરિ, દિવાકર, હરિભદ્રસૂરિ, વિદ્યાર્ષિ, હીરવિજય, યશોવિજય, વિનય વિજય, વગેરે વગેરે જે મહાપુરૂષોનાં જીવનનો સાર ખેંચશું તેમાં તે દરેકમાં આત્મશ્રદ્ધા અર્થાત્ આત્મ વિશ્વાસ સંપૂર્ણ રૂપે આપણા જોવામાં આવશે. એક અધઃસ્થાનથી મનુષ્ય જો ઉચ્ચ શિખર પર ચઢવા પામતો હોય, શક્તિમાન થતો હોય તો તે આત્મશ્રદ્ધાના ગુણે કરીનેજ, બીજા ગુણો સામાન્ય છે. વ્યાપારીયો વ્યાપારમાં, ધર્મગુરૂઓ ધર્મમાં, શિક્ષકો શિક્ષણમાં, શિલ્પકારો કળામાં, ચિત્રકારો ચિત્રમાં, નૈયાયિકો તર્કવિતર્કમાં, વગેરે વગેરે વિષયોમાં જો શ્રદ્ધા અડગ હશે તોજ તેઓ પોતાની અભીષ્ટ સાધ્ય સિદ્ધિમાં વિજય પામશે. આપણા વિદેશી બાંધવોમાં આ આત્મશ્રદ્ધાનો ગુણ આવવા પામ્યો હોય તો તે અસત્ય નથી કારણ કે તેઓ જે કાર્યનો આરંભ કરે તેની પાછળ પ્રાણ જાય તોપણ શું ? એમ અડગ નિશ્ચયથી સતત પરિશ્રમ કરી મંડયાજ રહે છે. કાર્ય કરતાં કદાચ દૈવવશાત્ ભલેને અવિજય થાય તેથી શું ? બીજીવાર, ત્રીજીવાર, પણ જ્યાં સુધી અમૂક કળા યા વિદ્યાને સિદ્ધ ન કરી શકીયે ત્યાં સુધી મૂકીયેજ કેમ ? આવી કાર્ય પરત્વે તેઓની આગ્રહી બુદ્ધિ શા માટે દરેક કાર્યમાં વિજય ન કરાવે ? અર્થાત દરેક કાર્યમાં તેઓ વિજય મેળવે. આવા બાંધવોનું ખરેખર હું કહેવા ન ભૂલતો હોઉં તો મ્હારે ભાર દઇને કહેવું જોઇએ કે યુરોપીયન અમેરીકન, જરમન, ઇટાલીયન વગેરે બાંધવોના સદ્ગુણોનું અનુકરણ કાં ન કરવું જોઇએ ? તેઓના ગુણોનો લાભ આપણે શા માટે ન લેવો જાઇએ. તેના જેવા સ્વતંત્ર બુદ્ધિ વૈભવવાળા અને શૂરવીર આપણે શા માટે ન થવું જોઇએ ? અલબત થવુંજ જોઇએ. આપણામાં તેઓના જેવી કર્તવ્ય શીલતા બીલકુલ નથી અને તેથી આપણે દયા જનક શોક જનક અને અધમ સ્થિતિમાં આવી સપડાયા હોઇએ તો તે કોઇપણ રીતે અસત્ય નથી. જે પ્રજામાં સ્વાત્મ શ્રદ્ધાનો દિવ્ય —ગુણહોય તેનો વિજય થાય છે. તેનો જયવાદ ફરકે છે અને તેનુંજ એક છત્ર રાજ્ય જોવામાં આવે છે, આત્મશ્રદ્ધા, આત્મપરીક્ષા કરવાની આપણે જૈનોએ કેટલી શક્તિ જમા કરેલી છે તેનો ખ્યાલ ખરે ખર કરવો હોયતો વર્તમાન સમયમાં મા-

હોમાંહે વાવવામાં આવતા કુસંપ કલેશનાં બીજો કેટલા પ્રમાણમાં વધીગયાં છે તેનો ખ્યાલ કરવો જોઇએ. ચડવાની લાલસા આપણે રાખીયે છીએ. ચડવાનો અંતઃકરણ પૂર્વક ઇરાદો રાખીયે છીએ પરંતુ તેમ ન થતાં ઉલટો તેને બદલે બે ચાર ડગલાં પાછળ પડવાનો વખત આવે છે એટલે આપણે કોઇ પણ રીતે આગળ વધી શકતા નથી પરંતુ જે કોઇ મેળવ્યું છે, સંગૃહિત કર્યું છે તે સર્વસ્વ ગુમાવી નાંખવા જેવું કરીયે છીએ એમ થવું તે કેટલું શરમ ભરેલું છે ? તે કેટલું નીચું મોં ઘાલવા જેવું કાર્ય ગણાય ! જે જૈન કેમ સૌથી શ્રેષ્ઠ અને માન્ય ગણાય તે દિવસે દિવસે ઉચ્ચ સ્થિતિમાં મૂકાવાને બદલે અધોગતિનો કેમ આશ્રય કરે ? એ વિચારણીય છે. આપણે દરેકે સ્વાશ્રય, આત્મશ્રદ્ધા, અથવા આત્મ પરીક્ષા કરવાની સંપૂર્ણ અગત્ય છે. ટુંકમાં તેના વિના આપણો વિજય ક્યારે પણ માનવાની જરૂર નથી. ઇત્યલમ્—

# जैन अनाथआश्रमनी जरुर.

## આ તરફ કોઇ લક્ષ્ય દેશે ?

વીર ! વીર ! ! વીર ! ! !

( લેખક. અનુભવી )

બંધુઓ ! કહેતાં જીભ થાકી જાય છે, કલમ વીરમી જાય છે, હૃદયમાં ધ્રાસ્કો પડે છે કે હવે આપણી કોમના અનાથો–નિરાશ્રીતો–નિરાધારોની શી દશા ! અધમ ! ! ! અધમ ! ! ! અરેરે ! આથી તે બીજું શું અધમ હોઇ શકે ? કોઇ જગડુશા નહીં પાકે ? શેઠ મનસુખભાઇ જેવા દાનવીર હતા તે પણ ચાલ્યા ગયા ! ! ! અફસોસ ! અફસોસ ! અફસોસ ! શું અનાથોની વ્હારે કોઇ નહીં ચઢે ? સૌ સ્વાર્થનું સગું પણ નિરાધારનું કોઇ સગું નહીં થાય ? બંધુઓ ! કોઇને સ્વાભાવિક રીતે આથી ખ્યાલ થતો હશે કે આવાં આવાં દુઃખદ વાક્યો શાને માટે ઉચ્ચારવાં પડે છે, આવા હૃદયના ઊંડા નિઃશ્વાસ કેમ નાંખવા પડે છે તો હું તે સર્વે જૈન પ્રજા સમક્ષ કહેવાને રજા લઉં છું કે બંધુઓ ! આપણા નિરાધાર જૈનોની સ્થિતિ જોતાં તેનો જાત અનુભવ થતાં બહુ લાગી આવે છે. શું જૈન કોમ ધારે તો આ કામ મુશ્કેલ જેવું છે ? કદિ નહિ, આપણા ગામડાઓમાં તેમજ કેટલાક શહેરોમાં પણ કેટલાંક કુટુંબો હાલમાં કંગાલ પ્રાયઃ થઇ ગયાં છે, કે જેની સ્થિતિ જોતાં પારાવાર દુઃખ ઉત્પન્ન થાય છે. આંખમાંથી અશ્રુધારા વહે એવી ખરેખર તેમની સ્થિતિઓ થઇ ગઈ છે. તેમને આશ્રય આપવાને માટે એક આશ્રય સ્થળ ખોલવાની અત્યારે ખાસ જરૂર છે. શું મનુષ્યદયા ફાયદો નહીં કરે ? તેઓ દયાને પાત્ર નહીં ગણાય ? મને કહેતાં શરમ આવે છે, લખતાં લેખીની અટકે છે, હાથ ધ્રુજે છે છતાં વખત લખવાની જરૂર પાડે છે તેથી લખવું પડે છે કે એવા પણ જૈન ગૃહસ્થો હાલમાં છે કે જેઓએ થોડા સમય ઉપર ખાનદાની ભોગવી હોય તેવાઓ પણ ઘરમાં પુંજો કાઢવા, ત્રણ ચારના પગારે રહેવા ખુશી બતાવે છે. હું આજથી તે મારા સાત વર્ષ દરમીયાન સુધીના જાત અનુભવથી જોઉં છું તો કેટલાક નિરાધાર બાળકો કે જેનો કોઇ વારસ પણ ભાગ્યે થઇ શકે એવા રખડતા ફરે છે કેટલીક વિધવા બાઈઓ કે જેઓને પેટ પોષણને માટે પણ ફાંફા મારતી તેમજ ઘણા જુવાન પુરૂષો કે જેઓ નોકરીને માટે પણ ફાંફા મારતા નજરે પડે છે. આ સત્ય છે, અને ખરી બીના છે, માટે શ્રીમંતો

વિદ્વાનો, તમો તમારી કોમનો પ્રથમ આ ઉદ્ધાર કરો. તેમને અન્નદાન, વસ્ત્રદાન, કેળવણી આપી તેમના આત્માઓનું સાર્થક કરો—

તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય;
મુઆ ઢોરકે ચામસેં, લોહા ભસ્મ હો જાય,

બંધુઓ ! ગરીબની આંતરડી ઠારવી એજ આપણી આઈન ફરજ છે, તેમના દીધેલ આશીર્વાદ કોઇ વખત સુવર્ણરૂપે પણ ગુણ દેશે. સ્થળે સ્થળે જોઇશું તો આપણા ધર્મની સંસ્થાઓ કોઇને કોઇ રૂપે માલમ પડશે પણ આવી સંસ્થાઓ કે જેનાથી સેંકડો ગરીબોનુ કલ્યાણ થાય, નિરાધારોને આશ્રય મળે, સીઝાતાઓનું સંકટ દુર થાય તેમને કંઇ સદ્જ્ઞાન મળે તેવી સંસ્થાઓ બીલકુલ જોવામાં આવતી નથી, કદાચ કંઇ હશે તો તે સમુદ્રમાં બિંદુ જેવી, માટે જૈન કોમના સ્તંભો ! આગેવાનો ! શ્રીમંતો ! વિદ્વાનો ! તમો આ બિના હવે પ્રથમ હાથ ધરો અને પામરોની વકીલાત કરો. તે દ્રવ્ય રૂપે કદાચ તમને નાણામાં બદલે નહીં આપે પણ તેમની અંતરની આંતરડીમાંથી નીકળતા ઉંડા આશીર્વાદના ઉદ્ગારો તમને મળશે જે આ ભવ તથા પરભવ બન્નેને સુખ કરતા થશે. કુતરાને રોટલો નાંખે ભુલતુ નથી, ચોકી કરે છે, તો પછી આતો મનુષ્ય જાત છે તે તમારો કેમ ઉપકાર વિસરી જશે? માટે દયા કરો, દયા કરો, ગરીબોની વ્હાર કરો, હું આ સ્થળે વિજ્ઞપ્તિ કરૂં છું કે આપણી કોમના જગડુશા તુલ્ય મર્હુમ શેઠ મનસુખભાઇ ભગુભાઇના ઉદાર, શ્રદ્ધાળુ, દયાળુ, ધર્મશીલ લઘુ બંધવ **શ્રીયુત શેઠ જમનાભાઈ તથા શેઠશ્રીના પુત્રો** શેઠશ્રીના સ્મરણાર્થે જે રકમ કાઢી છે તેમાંથી આવું કોઇ જાતનું ગરીબોના આશ્રયરૂપ ખાતું ખોલી જૈન કોમને સદાને માટે આભારી કરશે. હવેલીઓ જેમ થાંભલાને આભારી છે. તેમજ આપણા સાત ક્ષેત્રનો સઘળો આધાર જનો ઉપર છે, હવે જો તે પ્રજા કંગાલ, નિરૂદ્યમી અને અજ્ઞ હશે તો કોમની જતે દિવસેં ઘણી અધમ સ્થિતિ થઇ જશે. અન્ન વિગેરે આશ્રયના અભાવે ધર્મથી પણ પરાઙ્મુખ થશે માટે અત્યારે આપણી કોમમાં આવા ખાતાઓની ઘણીજ આવશ્યકતા છે. ઢોરોને માટે સ્થળે સ્થળે પાંજરાપોળો છે તેમ અત્યારે આપણા સીઝાતા સ્વામી બંધુઓને પણ આશ્રયરૂપ શાળાઓ ખોલવી જોઇએ કારણ કે અત્યારે જૈનો આશ્રયવિના રખડયા કરે છે. જેમ તેમ કરી ચાકર ચુકરનું કામ કરીને, વાસીંદુ વાળીને, વાસણ ઉટકીને પોતાનું પેટ ભરે છે આથી આપણને બીજું શું વધારે લજ્જાસ્પદ હોઇ શકે. આપણા શાસ્ત્રમાં કહ્યું છે કે—

**સ્વામીના સગપણ સમું, અવર ન સગપણ કોઈ.**

શું આપણા આ રત્નચિંતામણી સમાન ધર્મશાસ્ત્રનું આ ફરમાન યથાર્થ નથી કે જેને આપણે અમલમાં મુકતાં અચકાવું જોઇએ ? બંધુઓ, હવે જાગો દરેક જ્ઞાતિઓ તરફ નજર કરી જુઓ કોણ આગળ વધે છે ને કોણ પાછળ પડે છે. માટે આપણા જૈન બંધુઓએ હવે ભુલ્યા ત્યાંથી ફરી ગણી પાણી પહેલાં પાળ બાંધવી જોઇએ.

આ સ્થળે શેઠ જમનાભાઇનાં પુણ્યશીલ, ધર્મ પત્ની, શેઠાણી માણેકબાઇ કે જેઓ કેળવાયલાં, ધર્મ નિષ્ઠ, અને સદા ગરીબો પ્રત્યે દયાની નજરે જોનારાં છે તેમ ને પણ હું નિવેદન કરૂં છું કે તેઓ પણ આ બાબતપર પોતાનું લક્ષ્ય ખેંચશે. છેવટ સર્વે જૈન બંધુઓ, સંઘના નેતાઓ આવા અગત્યના ખાતા તરફ ધ્યાન આપશે એવું ઇચ્છી વિરમું છું.

## ખેદજનક મૃત્યુ.

પૂજ્યપાદ મુનિ મહારાજ પન્યાસજી પ્રતાપ વિજયજી સંવત. ૧૯૬૯ના પોસ વદી ૦)) ને રોજ આશરે સવારના સાડાઆઠ વાગે દેવલોક પામ્યા છે, જે ઘણું માઠું થયું છે. તેઓ મૂળથી બાળ બ્રહ્મચારી હતા તેમજ ચારિત્ર શુદ્ધ અને નીરમળ રીતે પાળતા હતા. તેઓ વ્રત, ઉપધાન, જોગ વિગેરે ઘણા સાધુઓને વહેવરાવતા હતા. તેવા પૂણ્યશીલ પ્રતાપી મુની મહારાજ પ્રતાપ વિજયજીના વિરહથી સાધુ સંપ્રદાયમાં તેમજ આપણી જૈન સમાજમાં ખોટ પડી છે. ઉવટ તેમના અમર આત્માને શાંતિ મળો એવું ઇચ્છીએ છીએ.

## ખેદજનક મૃત્યુ.

આપણી કોમના આભુષણરૂપ દાનવીર શેઠ મનસુખભાઇ ભગુભાઇ બે ત્રણ દિવસની તાવની બીમારીમાં હૃદય એકા એક બંધ થઇ જવાથી તા. ૪ જાન્યુઆરીની રાત્રે આશરે નવ વાગતે દેવલોક પામ્યા છે જેથી સમસ્ત જૈન સમાજમાં ભારે દીલગીરીની લાગણી ફેલાઇ રહી છે. મર્હુમ શેઠ સ્વભાવે મીલનસાર, ઉદાર, સાદા, પરોપકાર શીલ તેમજ ધર્મ, ~~સુરત હતા. તેઓ~~ વેપાર વિષય પરત્વે ઘણા બાહોશ, તેમજ કુનેહબાજ હતા. તેમને લગભગ તેમના દેહાવસાન પર્યંતમાં જાહેર તેમજ ખાનગી મળીને એકંદર આશરે રૂપીઆ વીસ લાખની સખાવત કરી છે, જેમાંની ઘણી ખરી સખાવતો કેવળ આપણી જૈનસમાજના હિતાર્થે કરી છે. આવા એક બાહોશ, દીર્ઘદર્શી અને તીર્થ રક્ષક શ્રીમંત શેઠના દેહોત્સર્ગથી આપણી જૈન સમાજને અનિવાર્યખોટ પડી છે. ઉવટ શેઠશ્રીના આત્માને શાંતિ મળો અને તેમના કુટુંબને દિલાસો મળો એવું અંતરથી ઇચ્છીએ છીએ.

## ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

અમારા સર્વે ગ્રાહકોને નિવેદન કરવાનું કે આ વખતે આ માસિકનો નવા વરસને માટે રજીષ્ટર નંબર કેટલાક કારણસર મોડો મળવાથી અમારે બે અંકો સાથે બહાર પાડવાની જરૂર પડી છે માટે અમારા કદરદાન ગ્રાહકોની તેને માટે ક્ષમા માગીએ છીએ.

લી.

વ્યવસ્થાપક બુદ્ધિપ્રભા.

## શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળામાં-પ્રગટ થયેલા ગ્રન્થો.

| ગ્રન્થાંક. | પૃષ્ઠ. | કીં. રૂ. આ. પા. |
|---|---|---|
| ૦ ભજન સંગ્રહ ભાગ ૧ લો+ ... | ૨૦૮ | ... ... ૦—૮—૦ |
| ૧. અધ્યાત્મ વ્યાખ્યાન માળા* ... | ૨૦૬ | ... ... ૦—૪—૦ |
| ૨. ભજન સંગ્રહ ભાગ ૨ જો+ ... | ૩૩૬ | ... ... ૦—૮—૦ |
| ૩. ભજન સંગ્રહ. ભાગ ૩ જો* ... | ૨૧૫ | ... ... ૦—૮—૦ |
| ૪. સમાધિ સતકમ્* ... | ૩૮૦ | ... ... ૦—૮—૦ |
| ૫. અનુભવ પચ્ચિસીX ... | ૨૪૮ | ... ... ૦—૮—૦ |
| ૬. આત્મપ્રદીપ ... ... | ૩૧૫ | ... ... ૦—૮—૦ |
| ૭. ભજન સંગ્રહ ભાગ ૪ થોX ... | ૩૦૪ | ... ... ૦—૮—૦ |
| ૮. પરમાત્મદર્શન ... ... | ૪૩૨ | ... ... ૦—૧૨—૦ |
| ૯. પરમાત્મજ્યોતિX ... ... | ૫૦૦ | ... ... ૦—૧૨—૦ |
| ૧૦. તત્ત્વબિંદુ* ... ... | ૨૩૦ | ... ... ૦—૪—૦ |
| ૧૧. ગુણાનુરાગ (આવૃત્તિબીજી) ... | ૨૪ | ... ... ૦—૧—૦ |
| ૧૨. ૧૩. ભજન સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદિપીકા | ૧૯૦ | ... ... ૦—૬—૦ |
| ૧૪. તીર્થયાત્રાનું વિમાન ( આવૃત્તિ બીજી ) | ૬૪ | ... ... ૦—૧—૦ |
| ૧૫. અધ્યાત્મ ભજન સંગ્રહ ... | ૧૯૦ | ... ... ૦—૬—૦ |
| ૧૬. ગુરૂબોધ.X ... ... | ૧૭૨ | ... ... ૦—૪—૦ |
| ૧૭. તત્ત્વજ્ઞાનદિપીકા* ... ... | ૧૨૪ | ... ... ૦—૬—૦ |
| ૧૮ ગહુંલી સંગ્રહ ... ... | ૧૧૨ | ... ... ૦—૩—૦ |
| ૧૯. શ્રાવક ધર્મસ્વરૂપ ભાગ ૧ લો ( આવૃત્તિ ત્રીજી.) | ૪૦ | ... ... ૦—૧—૦ |
| ૨૦ .. „ „ „ ભાગ ૨ જો ( આવૃત્તિ ત્રીજી.) | ૪૦ | ... ... ૦—૧—૦ |
| ૨૧ ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠો X... | ૨૦૮ | ... ... ૦—૧૨—૦ |
| ૨૨. વચનામૃત ... ... | ૩૮૮ | ... ... ૦—૧૪—૦ |
| ૨૩ યોગદીપક. ... ... | ૨૬૮ | ... ... ૦—૧૪—૦ |

## બુદ્ધિપ્રભાના ગ્રાહકોને અમુલ્ય લાભ-ફક્ત બે માસ માટે.

બુદ્ધિપ્રભાના જે ગ્રાહકોનું ચાલુ સાલનું લવાજમ વસુલ આવ્યું હશે તેઓ મંડલનાં રૂ. ૪) ની કિંમતનાં પુસ્તકો મંગાવશે અથવા બુદ્ધિપ્રભાના લવાજમ ભેગું વી. પી. કરવા જણાવશે તેઓને-અધ્યાત્મ ભજનસંગ્રહ કિંમત રૂ. ૦-૬-૦ પરમાત્મદર્શન રૂ. ૦-૧૨-૦ ગહુંલી સંગ્રહ રૂ. ૦-૩-૦ તિર્થયાત્રાનું વિમાન રૂ. ૦-૧-૦ એ ચાર ગ્રન્થ ભેટ આપવામાં આવશે.

## વ્હેલો તે પહેલો કેમકે ઘણા ગ્રન્થો ખલાસ થયા છે.

+ આ નીશાની વાલા ગ્રન્થો માત્ર **વીશની** અંદર શીલક છે.

* આ નીશાની વાલા ગ્રન્થો માત્ર **એકસોની** અંદર શીલક છે.

× આ નીશાની વાલા ગ્રન્થો માત્ર **બસોની** અંદર શીલક છે.

## ગ્રન્થો નીચલા સ્થળેથી વેચાણ મળશે.

૧. **અમદાવાદ**—જૈન બોર્ડીંગ-ઠે. નાગોરીશરાહ. ૨. **મુંબઇ**—મેસર્સ મેઘજી હીરજીની કું.-ઠે. પાયધુણી. અને શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ-ઠે. ચંપાગલી.

૪. **પુના**—શા. વીરચંદ કૃષ્ણાજી.-ઠે. વેતાલપેઠ.